FREE E-BOOK

પ્રારંભિક અર્થશાસ્ત્ર
(Elementary Economics)

ભાગ-૧



લેખક

કપિલ પી. ઘોસિયા

Book Title: **ELEMENTARY ECONOMICS PART-1**

Language: Gujarati

Author/Publisher : Kapil P. Ghosiya

Publication Year: 2019

Edition: First

Total Pages: 40

Price Rs.:Free

ISBN 978-9-35-382070-1

9 789353 820701

© **Dr. Kapil P. Ghosiya**

(Asst. Professor, Economics, Govt. Arts & Commerce College, Vanthali, Dist.-Junagadh, Gujarat, India, Pin-362610)

E-BOOK

પ્રારંભિક અર્થશાસ્ત્ર ભાગ–૧

અર્થશાસ્ત્ર મુખ્ય પેપર–૧

B.A. Sem-1

(ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢના સિલેબસ મુજબ)

Dedicated

to

My Family

અનુક્રમણિકા

પ્રકરણ	પાના નં.
યુનિટ–1 અર્થશાસ્ત્રનો પરિચય 1.1 અર્થશાસ્ત્રનું સ્વરૂપ, કાર્યક્ષેત્ર અને મહત્વ 1.2 આર્થિક વિશ્લેષણની પદ્ધતિ – સ્થિર અર્થશાસ્ત્ર અને ગતિશીલ અર્થશાસ્ત્ર– એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર 1.3 અર્થશાસ્ત્રની વ્યાખ્યાઓ – એડમ સ્મિથ, માર્શલ અને રોબિન્સ – દરેક વ્યાખ્યાઓનું મૂલ્યાંકન	**1-13**
યુનિટ–2 અર્થશાસ્ત્રના પાયાના ખ્યાલો 2.1 આર્થિક અને બિન–આર્થિક પ્રવૃત્તિઓ 2.2 સંપત્તિ અને કલ્યાણ, વસ્તુઓ અને સેવાઓ, ઉત્પાદન અને પુરવઠો, માંગ 2.3 જમીન, મૂડી, શ્રમ અને નિયોજક	**14-21**
યુનિટ–3 માંગ અને પુરવઠાનું વિશ્લેષણ 3.1 તુષ્ટિગુણ – અર્થ અને તેના પ્રકારો 3.2 ઘટતા સિમાંત તુષ્ટિગુણનો નિયમ 3.3 માંગનો નિયમ 3.4 માંગની મુલ્યસાપેક્ષતા – અર્થ, પ્રકારો, અસર કરતા પરિબળો 3.5 પુરવઠાનો નિયમ	**22-33**
યુનિટ–4 આંતર સંબંધો 4.1 માંગ અને પુરવઠા વચ્ચેના આંતર સંબંધો, કિંમત–નિર્ધારણ 4.2 માંગ અને પુરવઠા તથા કિંમતમાં ફેરફાર	**34-40**

યુનિટ-૧(અર્થશાસ્ત્રનો પરિચય)

1.1 અર્થશાસ્ત્રનું સ્વરૂપ, કાર્ય ક્ષેત્ર અને તેનું મહત્વ

અર્થશાસ્ત્રનું સ્વરૂપ (અર્થશાસ્ત્ર વિજ્ઞાન છે કે કલા?)

> સંસ્કૃતમાં 'અર્થ' એટલે ઉદ્દેશ્ય કે કશુંક મેળવવું. તેવી જ રીતે રીતે અર્થ એટલે ધન, સંપત્તિ કે આવક. જે મુજબ અર્થોપાર્જન (ધન, સંપત્તિ કે આવક પ્રાપ્તિ) શબ્દ બન્યો છે. આમ, અર્થોપાર્જન સાથે જોડાયેલ શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર. (અર્થશાસ્ત્ર એટલે અર્થ + શાસ્ત્ર)

> ગ્રીક શબ્દ 'OIKOSNOMIKOS' પરથી અંગ્રેજી શબ્દ ECONOMICS ઉતરી આવ્યો છે. 'OIKOS' એટલે ઘર અને 'NOMOS' સંચાલન કરવું. આમ, અર્થશાસ્ત્ર એટલે ઘર સંચાલનનું શાસ્ત્ર.

> અર્થશાસ્ત્ર એ સામાજિક વિજ્ઞાન છે કે જે માનવીની આર્થિક જરૂરિયાત અને તેના સંતોષ સાથે સંબધિત છે.

> માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે અને આ જરૂરિયાતો સંતોષવાના સંસાધનો માર્યાદિત છે તેથી અછત અને પસંદગીનો પ્રશ્ન સર્જાય છે. આમ, અર્થશાસ્ત્રમાં અછત અને પસંદગીનો અભ્યાસ કેન્દ્ર સ્થાને છે. તેથી અર્થશાસ્ત્રને અછત કે પસંદગીનું શાસ્ત્ર પણ કહે છે.

Economics is a social science which deals with human economic wants and their satisfaction.

અર્થશાસ્ત્રનું સ્વરૂપ :



➔ **અર્થશાસ્ત્ર વિજ્ઞાન તરીકે : (Economics as a Science)**

> કોઈપણ બાબત/હકીકત/ઘટનાનો પદ્ધતિસરનો અભ્યાસ કરવામાં આવે અને તેને વિજ્ઞાન કે શાસ્ત્ર કહેવામાં આવે છે. કોઈ પણ બાબતનું વિશિષ્ટ જ્ઞાન મેળવવું એટલે વિજ્ઞાન. વિજ્ઞાન વિશ્વમાં બનતી બાબતોના કારણો શોધે છે અને કારણ અને પરિણામ વચ્ચે સંબંધ (કાર્યકારણનો સંબંધ) વ્યક્ત કરતા નિયમો શોધે છે. આ નિયમો કોઈપણ એક જ ઘટના/પરિસ્થિતિ/દેશ/વ્યક્તિ માટે નહિ પરંતુ સર્વ સામાન્ય હોય છે. એટલે કે સાર્વત્રિક હોય છે. જેમ કે, ગુરુત્વાકર્ષણનો નિયમ.

> વિજ્ઞાન હકીકતોને ક્રમબદ્ધ રૂપે સંગ્રહ, વર્ગીકરણ કરીને તેનું વિશ્લેષણ કરવામાં આવે છે તેવી જ રીતે અર્થશાસ્ત્ર પણ માનવ જ્ઞાનની તે શાખા છે કે જેમાં હકીકતોનો ક્રમબદ્ધ રૂપે સંગ્રહ, વર્ગીકરણ અને વિશ્લેષણ કરવામાં આવે છે. આ દષ્ટિએ અર્થશાસ્ત્ર પણ વિજ્ઞાન છે.

> અર્થશાસ્ત્રમાં આર્થિક હકીકતો એકઠી કરીને તેમનો પદ્ધતિસર અભ્યાસ કરવામાં આવે છે અને કાર્યકારણનાં સંબંધો સ્પષ્ટ કરવામાં આવે છે. જો ભાવો વધતા હોય તો તે શા માટે વધે છે, તેમનાં કારણો અર્થશાસ્ત્ર સમજાવે છે.

આમ, વિવિધ આર્થિક પરિસ્થિતિઓનો પદ્ધતિસર રીતે અભ્યાસ કરીને, તેમના અંગેના કાર્યકારણના સંબંધ દર્શાવતા નિયમો અર્થશાસ્ત્ર ઘડે છે. આમ, અર્થશાસ્ત્રને વિજ્ઞાન ગણવામાં આવે છે.

> નોંધનીય છે કે, લંડન સ્કુલ ઓફ ઈકોનોમિકસમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ કરનારને B.Sc. અને M.Sc. ની ડીગ્રી આપવામાં આવે છે.

(A) અર્થશાસ્ત્ર વાસ્તવિક વિજ્ઞાન તરીકે :

> વાસ્તવિક પરિસ્થિતિના પદ્ધતિસરના અભ્યાસને વિજ્ઞાન કહે છે. 'શું છે ?' (What is ?) ના પ્રશ્ન સાથે સંબંધ ધરાવતા પદ્ધતિસર જ્ઞાનને વાસ્તવિક વિજ્ઞાન કહેવામાં આવે છે. માત્ર જ્ઞાનપ્રાપ્તિના ઉદેશથી જ આવો અભ્યાસ કરવામાં આવે છે. આવાં વિજ્ઞાનો વર્ણનાત્મક હોય છે. કોઈપણ બાબત યોગ્ય છે કે અયોગ્ય છે, અથવા શું હોવું જોઈએ તેવા કોઈ આદર્શો વાસ્તવિક વિજ્ઞાનમાં દર્શાવવામાં આવતા નથી. દા.ત., Physics, Biology, Chemistry

> અર્થશાસ્ત્રીઓના એક વર્ગના મતે અર્થશાસ્ત્ર શુદ્ધ વિજ્ઞાન (Pure Science) છે એટલે કે તે માત્ર વાસ્તવિક વિજ્ઞાન છે. તે આર્થિક બાબતોનો પદ્ધતિસર અભ્યાસ કરે છે, પરંતુ તેમના ઉચિત-અનુચિતપણા વિશે કોઈ મત વ્યક્ત કરતું નથી. પ્રો. લાયોનલ રોબિન્સના મતે અર્થશાસ્ત્રનો ઉદ્દેશ માત્ર જ્ઞાનપ્રાપ્તિનો છે અને તે માત્ર વાસ્તવિક વિજ્ઞાન છે, આદર્શો પ્રત્યે તે તટસ્થ છે.

(B) અર્થશાસ્ત્ર આદર્શલક્ષી વિજ્ઞાન તરીકે :

> આદર્શલક્ષી વિજ્ઞાનમાં પણ કોઈપણ બાબતનો પદ્ધતિસર અભ્યાસ કરાય છે. પરંતુ સાથોસાથ, તે આદર્શો પણ રજૂ કરે છે. શું હોવું જોઈએ અને શું ન હોવું જોઈએ. આ અંગેના ધોરણો સાથે સંબંધ ધરાવતા પદ્ધતિસર જ્ઞાનને આદર્શલક્ષી વિજ્ઞાન કહેવામાં આવે છે.

> આદર્શલક્ષી વિજ્ઞાનોનો અભ્યાસ નૈતિક ધોરણો સાથે સંકળાયેલ છે તેમ કહી શકાય. દા.ત., નીતિશાસ્ત્ર. અર્થશાસ્ત્રીઓનો બીજો વર્ગ કહે છે કે અર્થશાસ્ત્ર માત્ર વાસ્તવિક વિજ્ઞાન જ નહિ, પરંતુ આદર્શલક્ષી વિજ્ઞાન પણ છે. કેટલાક આધુનિક અર્થશાસ્ત્રીઓનું મંતવ્ય પણ આવું જ છે. ગરીબી, બેકારી, આર્થિક અસમાનતા વગેરે આર્થિક સમસ્યાઓના ઉચિત કે અનુચિતપણાનો વિચાર તેમજ ઉપાયો સૂચવવાનું કામ પણ અર્થશાસ્ત્રનું જ છે.

આમ, અર્થશાસ્ત્ર માત્ર વાસ્તવિક વિજ્ઞાન જ નથી, પરંતુ આદર્શલક્ષી વિજ્ઞાન પણ છે તેમ આધુનિક અર્થશાસ્ત્રીઓ માને છે.

➔ **અર્થશાસ્ત્ર કલા તરીકે : (Economics as an Art)**

> કોઈપણ આદર્શને સિદ્ધ કરવાની ઉત્તમ પદ્ધતિ એટલે કલા. કલાનો હેતુ આદર્શને સર્વોત્તમ રીતે સિદ્ધ કરવાની પદ્ધતિ સૂચવવાનો છે. વિજ્ઞાનના નિયમોને વ્યવહારમાં મૂકવાનું સૂચન કલા કરે છે.

કલાનો ઉદ્દેશ એવા નિયમોનું સર્જન કરવાનો છે કે જેને તુરત જ વ્યાવહારિક નીતિમાં લાગુ પાડી શકાય છે. વિજ્ઞાન તો માત્ર સૈદ્ધાંતિક જ હોય છે. જયારે કલા તો હંમેશાં વ્યાવહારિક હોય છે.

> અર્થશાસ્ત્ર આર્થિક સમસ્યાઓનું સમાધાન કરવામાં આપણને વ્યાવહારિક માર્ગદર્શન આપે છે. જેમ કે અવેજીનો નિયમ આપણને એ બતાવે છે કે આપણે ખર્ચ દ્વારા મહત્તમ તુષ્ટિગુણ કઈ રીતે પ્રાપ્ત કરી શકીએ.

વપરાશ અંગેનો સિદ્ધાંતને આધારે આપણે એમ દર્શાવી શકીએ કે ગ્રાહક કે ઉપભોક્તા પોતાના ખર્ચ કઈ રીતે ગોઠવે તો તેને મહત્તમ સંતોષ થાય.

> આમ, અર્થશાસ્ત્ર ગ્રાહકને માટે મહત્તમ સંતોષનો આદર્શ સિદ્ધ કરવાની ઉત્તમ પદ્ધતિ સૂચવે છે. તેથી તે કલા છે. આ સંદર્ભમાં પ્રો. સેમ્યુલ્સન નોંધે છે કે, "ભૌતિક વિજ્ઞાનની શોધ એન્જિનિયરોની સહાય કરે, તેવી જ રીતે અર્થશાસ્ત્ર આર્થિક સમસ્યાઓના ઉપાયો શોધવામાં મદદરૂપ થવું જોઈએ."

> આમ, અર્થશાસ્ત્ર વાસ્તવિક પરિસ્થિતિનું વિશ્લેષણ કરે છે. તેવી પરિસ્થિતિની યોગ્યતા કે અયોગ્યતા તપાસે છે અને આદર્શ કે ઈષ્ટ પરિવર્તન માટેના શ્રેષ્ઠ વ્યવહારુ ઉકેલો પણ સૂચવે છે. આમ, અર્થશાસ્ત્ર વાસ્તવિક વિજ્ઞાન છે સાથે સાથે આદર્શલક્ષી વિજ્ઞાન પણ છે. તેમજ અર્થશાસ્ત્ર વિજ્ઞાન હોવા ઉપરાંત કલા પણ છે.

અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર (વિષયવસ્તુ)

(૧) અર્થશાસ્ત્રીઓ અનુસાર	(૨) વિભાગ અનુસાર	(૩) આધુનિક અભિગમ
•સંપત્તિ (એડમસ્મિથ) •કલ્યાણ (માર્શલ) •અછત (રોબિન્સ) •વૃદ્ધિ (સેમ્યુલસન)	•ઉત્પાદન •ઉપભોગ •વિનીમય •વહેંચણી •જાહેર અર્થવિધાન	•એકમલક્ષી •સમગ્રલક્ષી

(૧) અર્થશાસ્ત્રીઓ અનુસાર કાર્યક્ષેત્ર :

– સંપત્તિલક્ષી વિચારધારા (Wealth) : તેના પ્રણેતા એડમસ્મિથ છે. તેમણે અર્થશાસ્ત્રને સંપત્તિનું શાસ્ત્ર કહ્યું છે. તેના મત મુજબ અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં સંપત્તિ એટલે શું? તેની પ્રકૃતિ કેવી છે? તેનાં કારણો કયાં છે વગેરે પ્રશ્નોનો સમાવેશ થાય છે. આમ, આ વિચારધારા અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર સંપત્તિ છે.

– કલ્યાણલક્ષી વિચારધારા (Welfare) : તેના પ્રણેતા માર્શલ છે. માર્શલના મતે સંપત્તિ માનવી (માનવ કલ્યાણ) માટે છે, માનવી સંપત્તિ માટે નથી. આમ, અર્થશાસ્ત્ર મુખ્યત્વે માનવ કલ્યાણના અભ્યાસ સાથે સંકળાયેલ છે. "અર્થશાસ્ત્ર વ્યક્તિ તથા સમાજનાં એવાં કાર્યોનો અભ્યાસ કરે છે કે જે કાર્યો માનવ કલ્યાણ સાથે ગાઢ રીતે સંકળાયેલાં હોય છે.

– અછતલક્ષી વિચારાધારા (Scarcity) : તેના પ્રણેતા રોબિન્સ છે. રોબિન્સે અર્થશાસ્ત્રને અછત અને પસંદગીના દ્રષ્ટિકોણથી સમજાવ્યું. માનવીની જરૂરિયાતો અમર્યાદિત હોય છે અને સંસાધનો મર્યાદિત અને વૈકલ્પિક ઉપયોગવાળા હોય છે જેમાંથી અછત અને પસંદગીની સમસ્યા સર્જાય છે. આ વિચારધારા મુજબ અર્થશાસ્ત્ર અછત અને પસંદગીનો અભ્યાસ કરે છે.

(d)વૃદ્ધિલક્ષી વિચારધારા (Growth) : તેના પ્રણેતા નોબલ પ્રાઈઝ વિજેતા સેમ્યુલસન છે. સેમ્યુલસને રોબિન્સની વિચારધારાનો આધાર લઈને તેને સમગ્રલક્ષી સ્વરૂપ આપ્યું છે. સેમ્યુલસન મુજબ સંસાધનોની સમગ્રલક્ષી ફાળવણી અને વહેંચણીનો અભ્યાસ અર્થશાસ્ત્રનું મહત્વનું કાર્યક્ષેત્ર છે.

(૨) વિભાગ અનુસાર કાર્યક્ષેત્ર :

– ઉત્પાદન (Production) : કાચા માલમાંથી તૈયાર વસ્તુ બનાવવાની પ્રક્રિયા એટલે ઉત્પાદન. જરૂરી છે તેને ઉત્પાદનનાં સાધનો કહેવામાં આવે છે. ઉત્પાદન વિભાગ હેઠળ ઉત્પાદનના સાધનો (શ્રમ, ભૂમિ, મૂડી, નિયોજક), ઉત્પાદન, કાર્યક્ષમતા, ઉત્પાદનના નિયમો, ઉત્પાદન પદ્ધતિ, ઉત્પાદન માળખું અને તેની સાથે સંકળાયેલ બાબતો જેવી કે શ્રમવિભાજન, મોટા પાયા પરનું ઉત્પાદન, ઔદ્યોગિક જોડાણો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

– ઉપભોગ (વપરાશ) (Consumption) : વસ્તુઓ અને સેવાઓનો વપરાશ કે ઉપભોગ કરવાથી જરૂરિયાતો સંતોષાય છે. આથી, ઉપભોગ કે વપરાશના વિભાગ હેઠળ માનવજરૂરિયાતો, તેનું વર્ગીકરણ, તેનાં લક્ષણો, તુષ્ટિગુણના નિયમો (સીમાંત તુષ્ટિગુણના અને સમસીમાંત તુષ્ટિગુણ), વપરાશનો નિયમ (એંજલનો નિયમ) વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. ઉપરાંત માંગનો નિયમ અને તેની સાથે સંકળાયેલી બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે.

– વિનિમય (Exchange) : માનવઇતિહાસમાં, પ્રારંભના કાળમાં માનવીની જરૂરિયાતો બહુ ઓછી હતી અને તે સંપૂર્ણપણે સ્વાવલંબી હતો. પોતે જ પોતાની જરૂરિયાતની વસ્તુઓનું ઉત્પાદન કરી લેતો. ધીમે ધીમે, જેમ જેમ માનવી સાંસ્કૃતિક પ્રગતિ કરતો ગયો, તેમ તેમ તેની જરૂરિયાતો વધતી ગઈ. હવે આવી બધી જ જરૂરિયાતો સંતોષવા માટે, માનવી પોતે જ બધું ઉત્પાદન નથી કરતો, પરંતુ તે બીજાઓ પર આધાર રાખે છે. આ માટે પોતાની પાસેની વધારાની વસ્તુઓનો બીજી વ્યક્તિની વધારાની વસ્તુઓ સાથે તે વિનિમય કરે છે. વિનિમયના વિભાગ

હેઠળ, બજાર, તેનાં કાર્યો અને પ્રકારો, કિંમત નિર્ધારણ વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે. ઉપરાંત નાણું, તેનાં કાર્યો, બેંકો, વિદેશ વેપાર અને તેની સાથે સંકળાયેલ બાબતો તથા નાણાંને લીધે ઉદભવતી આર્થિક અસ્થિરતા-તેજી મંદી (વ્યાપાર ચક્ર) વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે.

– વહેંચણી (Distribution) : આધુનિક ઉત્પાદનમાં ઉત્પાદનનાં વિવિધ સાધનો પોતાનો ફાળો આપે છે. જુદાં જુદાં સાધનોએ ઉત્પાદનકાર્યમાં જે ફાળો આપ્યો હોય, તે પ્રમાણે તેમની વચ્ચે આવકની વહેંચણી કઈ રીતે થાય છે તે બાબતોનો અભ્યાસ વહેંચણીના હેઠળ કરવામાં આવે છે. આ માટે કુલ ઉત્પાદનની જુદાં જુદાં સાધનો વચ્ચે વહેંચણી કરવા માટે સીમાંત ભૌતિક ઉત્પાદકતાનો સિદ્ધાંત, ભાડાના સિદ્ધાંતો, વેતનના સિદ્ધાંતો, વ્યાજ અંગેના સિદ્ધાંતો અને નિયોજકને મળતા નફા અંગેના સિદ્ધાંતોનો અભ્યાસ વહેંચણીના વિભાગમાં કરવામાં આવે છે. આ ઉપરાંત, આવકની અસમાનતા, શ્રમનું શોષણ વગેરે બાબતોનો અભ્યાસ પણ આ વિભાગમાં આવે છે.

– રાષ્ટ્રીય(જાહેર) અર્થવિધાન (Public Finance) : આધુનિક રાજ્ય માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કે દેશનું બાહ્ય રક્ષણ કરવાનું જ કાર્ય કરતું નથી. પરંતુ તે અનેક કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ પણ હાથ ધરે છે કે જેથી સમાજના નાગરિકોનું મહત્તમ કલ્યાણ થાય. આ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે, રાજયને ખૂબ મોટા પ્રમાણમાં ખર્ચ કરવું પડે છે. આ ખર્ચ માટે નાણાં પ્રાપ્ત કરવા રાજય લોકો પર કરવેરા નાખે, લોકો પાસેથી કે વિદેશોમાંથી દેવું કરે, નવા નવા ઉદ્યોગો સ્થાપે અને એ રીતે આવક પ્રાપ્ત કરે. સરકાર આમ નાણાં ઊભાં કરવાનાં પગલાં લે અને તેનું ખર્ચ કરે, તેની સમાજના આર્થિક જીવન પર ખૂબ ગાઢ અસરો પડે છે. અર્થશાસ્ત્રમાં રાષ્ટ્રીય અર્થવિધાન'ના હેઠળ રાજયની આવક પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિઓ, ખર્ચ કરવાની પ્રવૃત્તિઓ, સરકારી દેવું કે જાહેર દેવું વગેરે બાબતો અને તેમની અસરોની વિચારણા કરવામાં આવે છે.

(૩) આધુનિક અભિગમ :

આ અભિગમના પ્રણેતા સ્વીડનના અર્થશાસ્ત્રના સૌ પ્રથમ નોબેલ પ્રાઈઝ વિજેતા અર્થશાસ્ત્રી રેગ્નાર ફ્રીશ છે. તેમણે ૧૯૨૦ માં આ અભિગમ રજુ કર્યો. એકમલક્ષી એટલે નાનું/સુક્ષ્મ અને સમગ્રલક્ષી એટલે મોટું/વિશાળ. આ અભિગમ મુજબ અર્થશાસ્ત્રને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવે છે.

– એકમલક્ષી અર્થશાસ્ત્ર (Micro) : તેમાં અર્થતંત્રની વ્યક્તિગત કે સુક્ષ્મ બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે. જેમ કે, ગ્રાહકનું વર્તન, પેઢીનું વર્તન, ઉત્પાદનનો નિયમ, વસ્તુ કિંમત નિર્ધારણ, સાધન કિંમત નિર્ધારણ (ભાડું,વેતન,વ્યાજ અને નફાના સિદ્ધાંતો) વગેરે.

– સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (Macro) : તેમાં અર્થતંત્રની સમગ્રલક્ષી કે વ્યાપક બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે. જેમ કે, આર્થિક વૃદ્ધી અને વિકાસ, ભાવ-સપાટી, વ્યાપાર ચક્ર, રાષ્ટ્રીય આવક, વસ્તી, બેરોજગારી, વિદેશ વ્યાપાર વગેરે

અર્થશાસ્ત્રના અભ્યાસના કાર્યક્ષેત્રમાં ઉપભોગ, ઉત્પાદન, વહેચણી, વિનિમય તથા જાહેર અર્થવિધાનની વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવે છે. આ વિભાગો એકબીજાથી સ્વતંત્ર નથી, પરંતુ એકબીજા પર આધાર રાખે છે. તેવી જ રીતે એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર પણ પરસ્પર વિરોધી નહી પરંતુ પરસ્પર પુરક છે.

અર્થશાસ્ત્ર વિષયનું મહત્વ

વર્તમાન સમયમાં અર્થશાસ્ત્રની ઘણી જ શાખાઓ અસ્તિત્વમાં આવી છે જેમ કે, ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, ધંધાકીય અર્થશાસ્ત્ર, પર્યાવરણીય અર્થશાસ્ત્ર, બેન્કિંગનું અર્થશાસ્ત્ર, જાહેર અર્થશાસ્ત્ર વગેરે. જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણા રોજબરોજના જીવન સાથે સંકળાયેલ છે. આમ, અર્થશાસ્ત્ર વિષયની પ્રસ્તુતતા વધી જાય છે તેમજ તેના અભ્યાસનું મહત્વ વધી જાય છે.

> રોજબરોજના વ્યક્તિગત નિર્ણયો માટે : સીધી રીતે આર્થિક પ્રવૃત્તિમાં ન જોડાયેલા લોકો પણ બચત અને મૂડીરોકાણ, ખર્ચ અને આવકની પ્રવૃત્તિ સાથે જોડાયેલા હોય છે. ગૃહિણીથી માંડીને સરકાર સુધીના લોકોને પોતપોતાના આર્થિક નિર્ણયોમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ થાય છે.

> આંતરરાષ્ટ્રીય ઘટનાઓ સમજવા માટે : ઘણી વખત આર્થિક બાબતો આંતરરાષ્ટ્રીય બાબતોને અસર કરે છે. જેમ કે, શા માટે અમેરિકા સુપર પાવર છે ? ક્રુડતેલના ભાવો કેમ વધ-ઘટ થાય છે ? રશિયા અને અમેરિકા, ચીન અને ભારતમાં કઈ આર્થિક સમાનતા અને કયા તફાવતો છે તેમજ કયો દેશ મૂડીવાદી કહેવાય ?, ક્યો દેશ સામ્યવાદી કહેવાય ?

> ઐતિહાસિક ઘટનાઓ સમજવા માટે : તેજાના અને ગરમ મસાલાના વેપારમાંથી નફો કમાવા માટે ઇંગ્લેન્ડના વેપારીઓએ ઈસ્ટ ઈન્ડિયા કંપની સ્થાપી અને ભારતમાં આવી વેપાર કર્યો પછી શાસન કર્યું. રોજગારી અને ઉદ્યોગ-ધંધામાં પડતી તથા ઊંચા કરવેરાના ભારણથી ભારતીય પ્રજાએ અંગ્રેજોના શાસનનો વિરોધ કર્યો. દુનિયામાં અને દેશમાં ભાવવધારો, ઊંચા કરવેરા, અછત જેવાં આર્થિક પરિબળો મોટી રાજકીય ઉથલ-પાથલ સર્જે છે. આ ઐતિહાસિક રાજકીય ઘટનાક્રમ સમજવા માટે અર્થશાસ્ત્રના અભ્યાસ મહત્વનો છે.

> સરકારની નીતિઓને સમજવા માટે : સરકારની નાણાનીતિ તથા રાજકોષીય નીતિ કે સમગ્ર આર્થિકનીતિની આપણા રોજબરોજના જીવન પર અસરો થતી હોય છે. આ નીતિઓને સમજવામાં તથા તે મુજબ આપણા નિર્ણયો બદલવામાં અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ થાય છે. દા.ત., બેંક દરના ફેરફારો મુજબ આપણે બચત અને રોકાણના નિર્ણયો કરવા જોઈએ., દા.ત. GST ને લીધે કઈ વસ્તુ સસ્તી થઈ કે કઈ મોંઘી થઈ તેની સમજ.

> વ્યાવસાયિક નિર્ણયો લેવા માટે : આવક અને ખર્ચ, માંગ અને પુરવઠો આ બાબતો તમામ વ્યવસાયો સાથે જોડાયેલી છે. અર્થશાસ્ત્રનો અભ્યાસ દરેક વ્યવસાયની આર્થિક ગણતરીઓમાં મદદરૂપ થાય છે. વસ્તુ કે સેવાના કિમત-નિર્ધારણ, સાધનો તથા કાચામાલના ખરીદ-વેચાણ, શ્રમિકો કે કર્મચારીઓના વેતન નક્કી કરવા જેવી તમામ બાબતોના નિર્ણયોમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ થાય છે. દા.ત., હરીફાઈવાળા બજારમાં કિંમત ઘટાડવાથી ગ્રાહકોને આકર્ષી શકાય., વેચાણ ખર્ચ કે જાહેરાત દ્વારા કઈ રીતે માંગ વધી શકે.

અર્થશાસ્ત્ર મૂળભૂત રીતે આર્થિક નિર્ણયો કરવામાં મદદરૂપ થતું શાસ્ત્ર છે. તેમાં પણ ખાસ કરીને વ્યાવસાયિક નિર્ણયો લેવા માટે અર્થશાસ્ત્ર વધુ મહત્વનું છે. અર્થવ્યવસ્થામાં માણસના મુખ્ય ત્રણ સ્વરૂપ છે. (1) ગ્રાહક તરીકે (2) ઉત્પાદક તરીકે (3) શ્રમિક તરીકે. આ ત્રણેય સ્વરૂપમાં તેણે ઓછામાં ઓછું ચૂકવીને વધુમાં વધુ લાભ મેળવવાનો પ્રયત્ન કરવાનો છે જેમાં આર્થિક સિદ્ધાંતો મદદરૂપ બને છે.

1.2 આર્થિક વિશ્લેષણની પદ્ધતિઓ

સ્થિર અને ગતિશીલ આર્થિક વિશ્લેષણ

આર્થિક પરિબળોમાં થતા ફેરફારોના આધારે અર્થશાસ્ત્રમાં બે પ્રકારના વિશ્લેષણનો ઉપયોગ કરવામાં આવે છે. સ્થિર વિશ્લેષણ અને ગતિશીલ વિશ્લેષણ. અન્ય પરિબળો સ્થિર રહે છે. એવી ધારણા સાથે જેમાં આર્થિક સિદ્ધાંતોની રજૂઆત કરવામાં આવે છે તેને સ્થિર વિશ્લેષણ કહેવામાં આવે છે. જયારે અન્ય પરિબળો પરિવર્તનશીલ છે તેમ ધારીને આર્થિક સિદ્ધાંતોની રજૂઆત કરવામાં આવે છે તેને ગતિશીલ આર્થિક વિશ્લેષણ કહેવામાં આવે છે.

> સ્થિર વિશ્લેષણ પદ્ધતિ:

સ્થિર પદ્ધતિમાં સમયના તત્વને ધ્યાનમાં લેવામાં આવતું નથી. તે સ્થિરતાના ખ્યાલ પર આધારિત છે. એકમલક્ષી અર્થશાસ્ત્રમાં સ્થિર વિશ્લેષણનો વધુ ઉપયોગ થાય છે. તેના સિદ્ધાંતોમાં અન્ય પરિબળો યથાવત્ અથવા તો સમતુલાની ધારણા કરવામાં આવે છે. ગ્રાહકનું વર્તન, પેઢીનું વર્તન વગેરે સ્થિર વિશ્લેષણ પર આધારિત આર્થિક ખ્યાલો છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં પણ સ્થિર વિશ્લેષણનો અમુક અંશે ઉપયોગ થાય છે. જેમ કે પૂર્ણ રોજગારી, મુક્ત વ્યાપાર, મુક્ત અર્થકારણ, આવક, બચત, નાણાના સિદ્ધાંતો, આંતરરાષ્ટ્રીય વ્યાપાર વગેરે

સ્થિર વિશ્લેષણ > અન્ય પરિબળો સ્થિર રહે તો...

આ પદ્ધતિ સ્થિર - અર્થકારણ (Stationary Economy)ની ધારણા પર આધારિત છે. આથી આ - વિશ્લેષણ કોઈપણ એક ચોક્કસ સમયનું આર્થિક પરિબળોના આંતર-સબંધોને રજૂ કરીને સ્થિર ચિત્ર જ આપે છે.

જો કે સ્થિર આર્થિક વિશ્લેષણ એટલે નિષ્ક્રિય, જડ, સ્થિતિચુસ્ત, દિશાવિહીન વિશ્લેષણ નહીં. સ્થિરતામાં પણ સક્રીયતાં, ગતિશીલતા અને ચોક્કસ દિશા તો હોય જ છે. તેમાં પણ પરિવર્તન થાય જ છે પણ સ્થિર અને સમતોલ રીતે.

> તુલનાત્મક સ્થિર વિશ્લેષણ :

તુલનાત્મક સ્થિર વિશ્લેષણમાં કોઈ પણ બે અથવા વધારે સમય દરમ્યાનના સ્થિર આર્થિક પરિસ્થિતિની તુલના કે સરખામણી કરવામાં આવે છે. સ્થિર વિશ્લેષણમાં સમયના તત્વને ધ્યાનમાં લેવામાં આવતું નથી. પરંતુ તુલનાત્મક સ્થિર વિશ્લેષણમાં જુદાં જુદાં બે ચોક્કસ સમયગાળાની સ્થિર કે સમતોલ આર્થિક પરિસ્થિતિની તુલના કરવામાં આવે છે. એક સમતુલાની પરિસ્થિતિની બીજી સમતુલાની પરિસ્થિતિ સાથે તુલના કરવામાં આવે છે.

A સ્થિર પરિસ્થિતિ ←— તુલના —→ B સ્થિર પરિસ્થિતિ

નવી સમતુલાની પરિસ્થિતિ અને અગાઉની (મૂળ) સમતુલાની પરિસ્થિતીમાં શું વિશિષ્ટતા કે ભિન્નતા છે અને તે માટે ક્યાં પરિબળો જવાબદાર હોય છે તેનો અભ્યાસ કરવામાં આવે છે.

અર્થશાસ્ત્રને સરળ અને સહજ બનાવવામાં આ વિશ્લેષણનો ઘણો જ ફાળો છે. પ્રશિષ્ટ અને નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના વિચારો સિદ્ધાંતો મુખ્યત્વે સ્થિર કે તુલનાત્મક સ્થિર વિશ્લેષણ પર નિર્ભર છે.

> ગતિશીલ વિશ્લેષણ :

આજનો યુગ ગતિશીલ યુગ છે. આર્થિક પરિમાણો અને પરિબળોમાં સતત ફેરફારો થતા આર્થિક પરિસ્થિતિમાં સતત પરિવર્તન થાય છે ત્યારે આ સંદર્ભમાં આર્થિક સિદ્ધાંતોના રજૂઆત કરવામાં સ્થિર વિશ્લેષણ મર્યાદિત બને છે. આ સંજોગોમાં અર્થશાસ્ત્ર માટે ગતિશીલ વિશ્લેષણ અનિવાર્ય બની જાય છે.

ગતિશીલ વિશ્લેષણ > અન્ય પરિબળો પરિવર્તનશીલ...

ગતિશીલ વિશ્લેષણમાં સમયના તત્વને ધ્યાનમાં રાખવામાં આવે છે. અર્થાત, સમયના સંદર્ભમાં જ વિશ્લેષણની કરવામાં આવે છે. ગતિશીલ વિશ્લેષણમાં અન્ય પરિબળો અસ્થિર રહે છે. આર્થિક પરિબળોમાં સતત ફેરફાર થાય છે. જેના પરિણામે આર્થિક પરિસ્થિતિમાં પણ પરિવર્તન થાય છે.

શુમ્પીટર જણાવે છે કે જુદા જુદા સમયના બિંદુઓ સાથે સંકળાયેલ આર્થિક પરિબળોના સંબંધોને ગતિશીલ સંબંધ કહી શકાય. છે ગતિશીલ વિશ્લેષણ અર્થશાસ્ત્રનું આધુનિક વિશ્લેષણ છે જેના વિકાસમાં હિક્સ, હેરોડ, કાલેકી, સેમ્યુઅલ્સન, ટીમ્બર્જન, વગેરે અર્થશાસ્ત્રીઓ સંકળાયેલા છે.

સ્થિર વિશ્લેષણ દ્વારા આર્થિક વિકાસની પ્રક્રિયાને યોગ્ય રીતે સમજાવી શકાતી નથી. તેને બદલે ગતિશીલ વિશ્લેષણ આર્થિક વિકાસની સમગ્ર પક્રિયાને અસરકારક રીતે સમજાવી શકે છે. એ જ રીતે ગતિશીલ વિશ્લેષણ વ્યાપારચક્રની પ્રક્રિયાને પણ સરળ રીતે સમજવી શકે છે.

ગતિશીલ આર્થિક વિશ્લેષણનો મહદઅંશે સમગ્રલક્ષી આર્થિક વિશ્લેષણમાં ઉપયોગ થયો છે. સમગ્રલક્ષી આર્થિક ખ્યાલોને ગતિશીલતાના સંદર્ભમાં વિચારવામાં આવે તો તેને ગતિશીલ સમગ્રલક્ષી આર્થિક વિશ્લેષણ (Dynamic Macro Economic Analyses) કહેવામાં આવે છે. આધુનિક અર્થશાસ્ત્રીઓએ જે આર્થિક મોડેલ્સ રજૂ કર્યા છે તે પણ મોટા ભાગે ગતિશીલ વિશ્લેષણ પર જ આધારિત છે.

> તુલનાત્મક ગતિશીલ વિશ્લેષણ:

A ગતિશીલ પરિસ્થિતિ ←— તુલના —→ B ગતિશીલ પરિસ્થિતિ

બે ગતિશીલ પરિસ્થિતિઓનો તુલનાત્મક રીતે જેમાં અભ્યાસ કરવામાં આવે છે તેને તુલનાત્મક ગતિશીલ વિશ્લેષણ કહેવામાં આવે છે. બે ચોક્કસ સમયગાળા માટેની ગતિશીલ પરિસ્થિતિની સરખામણી કરવામાં આવે છે.

આર્થિક પરિબળોમાં સતત પરિવર્તન થાય છે. તેથી નવી પરિસ્થિતિ સર્જાય છે. આ જે અગાઉની પરિસ્થિતિ કરતાં જુદી હોય છે. જેનો અભ્યાસ તુલનાત્મક ગતિશીલ વિશ્લેષણમાં કરવામાં આવે છે.

જુદા જુદા સમયની બદલાતી આર્થિક પારેસ્થિતિ, આર્થિક પ્રશ્નો અને આર્થિક વિકાસની સ્થિતિને સમજવા માટે તુલનાત્મક ગતિશીલ વિશ્લેષણ ઉપયોગી છે. એ જ રીતે પંચવર્ષીય યોજનાઓનું મૂલ્યાંકન કરવા માટે પણ તુલનાત્મક ગતિશીલ વિલેષણ અગત્યનું છે.

સ્થિર વિશ્લેષણ અને ગતિશીલ વિશ્લેષણનો હેતુ આર્થિક સિદ્ધાંતોની સમજૂતી આપવાનો છે. બંને વિશ્લેષણ આર્થિક પરિસ્થિતિની વ્યાપક છણાવટ કરે છે. બંને વચ્ચે સમય પરિબળો અને પરિવર્તનનાં સંદર્ભમાં કેટલાંક મુખ્ય તફાવતો છે. આમ છતાં આ બંને વિશ્લેષણો પરસ્પર પૂરક અને સંલગ્ન છે.

એકમલક્ષી અને સમગ્રલક્ષી આર્થિક વિશ્લેષણ

આ અભિગમના પ્રણેતા સ્વીડનના અર્થશાસ્ત્રના સૌ પ્રથમ નોબેલ પ્રાઈઝ વિજેતા અર્થશાસ્ત્રી રેગ્નાર ફ્રીશ છે. તેમણે ૧૯૨૦ માં આ અભિગમ રજુ કર્યો. એકમલક્ષી એટલે નાનું/સુક્ષ્મ અને સમગ્રલક્ષી એટલે મોટું/વિશાળ. આ અભિગમ મુજબ અર્થશાસ્ત્રને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવે છે.

એકમલક્ષી અર્થશાસ્ત્ર (Micro) : તેમાં અર્થતંત્રની વ્યક્તિગત કે સુક્ષ્મ બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે. જેમ કે, ગ્રાહકનું વર્તન, પેઢીનું વર્તન, ઉત્પાદનનો નિયમ, વસ્તુ કિંમત નિર્ધારણ, સાધન કિંમત નિર્ધારણ (ભાડું,વેતન,વ્યાજ અને નફાના સિદ્ધાંતો) વગેરે.

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (Macro) : તેમાં અર્થતંત્રની સમગ્રલક્ષી કે વ્યાપક બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે. જેમ કે, આર્થિક વૃદ્ધી અને વિકાસ, ભાવ-સપાટી, વ્યાપાર ચક્ર, રાષ્ટ્રીય આવક, વસ્તી, બેરોજગારી, વિદેશ વ્યાપાર વગેરે

Prof. Frisch

Micro Economics

Macro Economics

> એકમલક્ષી અર્થશાસ્ત્ર (Micro Economics):

તેને "સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્ર" પણ કહેવાય છે. Mikros એ ગ્રીક શબ્દ છે જેનો અર્થ સૂક્ષ્મ થાય છે. કોઈ એક એકમના આર્થિક વ્યવહારોનો અભ્યાસ કરતાં આર્થિક વિશ્લેષણને એકમલક્ષી અર્થશાસ્ત્ર કહે છે. દા.ત. કોઈ એક પેઢીનો અભ્યાસ, કોઈ એક ઉદ્યોગનો અભ્યાસ, ગ્રાહકોના કોઈ એક સમૂહનો અભ્યાસ.

એકમલક્ષી અર્થશાસ્ત્રમાં વ્યક્તિગત આર્થિક ઘટકોનું વિશ્લેષણ કરવામાં આવે છે. ટૂંકમાં, એકમલક્ષી અર્થશાસ્ત્રમાં અનેક આર્થિક ઘટનામાંથી કોઈ એક ઘટનાના પાસાનો વિચાર કરવામાં આવે છે. ગ્રાહકના વર્તનનો માર્શલનો સીમાંત તુષ્ટિગુણ કે હિક્સના તટસ્થ રેખા વિશ્લેષણ દ્વારા કરાતો અભ્યાસ સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્રનું ઉદાહરણ છે. સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્રમાં ચીજ-વસ્તુ કે ઉત્પાદનના સાધનના ભાવ અને સાધનની ફાળવણી કેવી રીતે નક્કી થાય છે એટલે કે મૂલ્યના સિદ્ધાંતો અને વહેંચણીના સિદ્ધાંતોનો અભ્યાસ કરાય છે.

સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્રનો પાયો માંગ અને પુરવઠા દ્વારા થતા ભાવતંત્રના અભ્યાસનો છે. એટલે કે પુરવઠા પક્ષે લઘુત્તમ ખર્ચે - મહત્તમ નફો અને માંગ પક્ષે મહત્તમ તુષ્ટિગુણ પ્રાપ્ત કરવાનો છે. સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્ર વિવિધ રીતે ઉપયોગી છે જેમ કે – (1) આર્થિક કલ્યાણની શરતો તપાસવામાં (2) મુક્ત અર્થતંત્રની કામગીરી સમજવામાં (3) અછતવાળા સાધનોથી મહત્તમ ઉત્પાદકતા જાળવવામાં માર્ગદર્શક તરીકે

> સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (Macro Economics) :

આને "બૃહદલક્ષી અર્થશાસ્ત્ર" પણ કહેવાય છે. Makros એ ગ્રીક શબ્દ છે જેનો અર્થ વિશાળ અને સમગ્ર અથવા બૃહદ્ થાય છે. કોઈ એક એકમને બદલે તમામ એકમોના સમૂહના આર્થિક વ્યવહારનો અભ્યાસ કરતા

આર્થિક વિશ્લેષણને “સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર” કહે છે. તેમાં આર્થિક પદ્ધતિના સમગ્ર રૂપનો અભ્યાસ કરવામાં આવે છે. દા.ત. બધા જ ઉદ્યોગોનો સમગ્રપણે અભ્યાસ, સમાજના બધા વર્ગોના સમગ્રપણે અભ્યાસ, સમગ્ર દેશની વસ્તીનો અભ્યાસ, દેશની આવક કે રોજગારીનો અભ્યાસ.

આમ, સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કોઈ આર્થિક ઘટકનો નહિ પણ સમગ્ર આર્થિક ઘટકોનો એક સાથે અભ્યાસ કરવામાં આવે છે. કેઈન્સનો રોજગારી અને આવકનો સિદ્ધાંત એ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું ઉદાહરણ છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વિવિધ રીતે ઉપયોગી છે જેમ કે –દેશની વ્યાપાર ચક્રીય અને નાણાકીય સમસ્યાઓ સમજવામાં, દેશની રાષ્ટ્રીય આવકના સંદર્ભમાં, આર્થિક નીતિના ઘડતરમાં, સમગ્ર અર્થતંત્રની કામગીરી સમજવામાં.

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં સમગ્ર દેશની આવક, રોજગારી, ઉત્પાદન કેવી રીતે નક્કી થાય છે અને અર્થતંત્રમાં સમતુલા ક્યારે આવે છે વગેરેનો અભ્યાસ કરાય છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો પાયો દેશમાં કુલ માંગ અનેકુલ પુરવઠા દ્વારા રાષ્ટ્રીય આવક, ઉત્પાદન, રોજગારી અને સરેરાશ ભાવ સપાટીના નિર્ધારણનો છે.

ઈ.સ.1929-30 દરમિયાનની વિશ્વમંદીને લીધે અર્થતંત્રમાં સર્જાયેલી આર્થિક અસ્થિરતાના વિશ્લેષણમાંથી આકાર પામ્યું છે. આથી કેટલીક વાર સમગ્રલક્ષી અર્થશાસ્ત્રને વિશ્વમંદીની ભેટ તરીકે ઓળખવામાં આવે છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રને “નૂતન અર્થશાસ્ત્ર” કહેવામાં આવે છે, કારણકે મહામંદીને લીધે ઊભા થયેલા પ્રશ્નો અગાઉના આર્થિક વિશ્લેષણથી ઊકલી શકે તેવા નહોતા. કેઈન્સ રજૂ કરેલા સિદ્ધાંતો ક્રાંતિકારી અને અલગ હતા. તેથી કેઈન્સનું અર્થશાસ્ત્ર નૂતન અર્થશાસ્ત્ર ગણાય છે.

> એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનાં આંતરસંબધો :

એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર આર્થિક ઘટનાઓની અભ્યાસ કરતી બે અલગ પદ્ધતિઓ છે. અલગ-અલગ જણાતી વિશ્લેષણની આ બે પદ્ધતિઓ એકબીજાની પૂરક છે. તે બંને તદ્દન અલગ પણ નથી અને એકસરખી પણ નથી. એકમલક્ષી ઘટનાના અભ્યાસ વિના સમગ્રલક્ષી ઘટનાની સમજૂતી મુશ્કેલ છે અને સમગ્રલક્ષી માળખાના અસ્તિત્વ વિના એકમલક્ષીનો અભ્યાસ લગભગ અશક્ય છે.

– સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું એકમલક્ષી અર્થશાસ્ત્ર પર અવલંબન :- કેટલાંક સમગ્રલક્ષી આર્થિક પરિમાણોની વર્તણૂંક કે વ્યવહારના સિદ્ધાંતો વૈયક્તિક વર્તણૂંક કે વ્યવહારના સિદ્ધાંતો પરથી તારવામાં આવ્યા છે. દા.ત. રોકાણનો સિદ્ધાંત, કુલ વપરાશવિધેયનો સિદ્ધાંત વગેરે. આમ, સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના વિધેયો એકમલક્ષી વિધેયો અથવા વ્યક્તિઓના વર્તન ઉપરથી તારવવામાં આવે છે. તેથી એમ કહી શકાય કે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રન એકમલક્ષી અર્થશાસ્ત્ર પર અવલંબન છે.
– એકમલક્ષી અર્થશાસ્ત્રનું સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર પર અવલંબન :- જેમ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એકમલક્ષી અર્થશાસ્ત્ર પર અમુક પ્રમાણમાં આધાર રાખે છે તેમ એકમલક્ષી અર્થશાસ્ત્ર પણ અમુક અંશે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર પર આધાર રાખે છે. દા.ત. નફાના દરના નિર્ધારણનો સિદ્ધાંત, વ્યાજના દર નિર્ધારણનો સિદ્ધાંત.

આમ, એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રો જુદાં જુદાં હોવાં છતાં તેમની વચ્ચે પરસ્પરાવલંબન છે. ઘણી બધી આર્થિક ઘટનાઓ સમજાવવા માટે એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનાં સાધનો અને ખ્યાલોનો ઉપયોગ કરવો પડે છે.

1.3 અર્થશાસ્ત્રની વિવિધ વ્યાખ્યાઓ

અર્થશાસ્ત્ર માનવીની આ આર્થિક પ્રવૃત્તિઓનો પદ્ધતિસર અભ્યાસ કરતું શાસ્ત્ર ગણાય છે. ઈ.સ.1776માં એડમ સ્મિથે સૌ પ્રથમ તેમનું પુસ્તક, “Wealth of Nations” પ્રસિદ્ધ કરેલ ત્યારથી આધુનિક અર્થશાસ્ત્ર ઉદભવ થયો ગણાય છે. ગ્રીક લોકો અર્થશાસ્ત્રને ગૃહસંચાલનનું શાસ્ત્ર કહ્યું. ઇંગ્લેન્ડમાં અઢારમી સદીના અંત ભાગમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ અને તેના પરિણામે અર્થતંત્રમાં જે ફેરફારો થયા તેને લીધે અર્થશાસ્ત્ર એક પદ્ધતિસરના શાસ્ત્ર તરીકે અને જ્ઞાનની સ્વતંત્ર શાખા તરીકે અસ્તિત્વમાં આવ્યું. વર્તમાન સમયમાં હવે આપણને “અર્થશાસ્ત્રની અનેક

વ્યાખ્યાઓ જોવા મળે છે. આ બધી વ્યાખ્યાઓ આપણને અર્થશાસ્ત્રનું સાચું સ્વરૂપ સમજવામાં ઉપયોગી બની રહે છે. અલબત્ત, આ બધી વ્યાખ્યાઓ જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી રજૂ કરેલ છે.

એડમ સ્મિથની (સંપત્તિલક્ષી) વ્યાખ્યાઃ



એડમ સ્મિથ 1776 માં તેમનાં પ્રકાશિત થયેલા પુસ્તક "રાષ્ટ્રોની સંપત્તિ"માં જણાવેલ કે અર્થશાસ્ત્ર રાષ્ટ્રોની સંપત્તિનું સ્વરૂપ અને તેના કારણોની તપાસ સાથે સંબંધિત છે. એટલે કે રાષ્ટ્ર કઈ રીતે સંપત્તિનું મેળવે છે (ઉત્પાદન કરે છે) કઈ રીતે સંપત્તિમાં વધારો કરે છે અને કઈ રીતે સંપત્તિનો વપરાશ કરે છે તે બાબતોનો અભ્યાસ અર્થશાસ્ત્ર કરે છે. આમ, અર્થશાસ્ત્ર ભૌતિક સંપત્તિનું શાસ્ત્ર છે.

એડમ સ્મિથ અર્થશાસ્ત્રને "Science of wealth" "સંપત્તિનું વિજ્ઞાન" તરીકે ઓળખાવે છે. ડેવિડ રિકાર્ડો, જે. બી. સે., જે. એસ. મિલ વગેરે અર્થશાસ્ત્રીઓ પણ આ હકીકત સ્વીકારી હતી કે અર્થશાસ્ત્ર સંપત્તિ સાથે સંબંધ ધરાવતું શાસ્ત્ર છે.

ટૂંકમાં કહીએ તો એડમ સ્મિથની વિચારધારા અનુસાર અર્થશાસ્ત્ર સંપત્તિના ઉત્પાદન, ઉપભોગ, વિનિમય અને વહેંચણીનો અભ્યાસ કરે છે.

ટીકા/મર્યાદા :

- ઉપરોક્ત વ્યાખ્યામાં માત્ર ભૌતિક સંપત્તિને જ લક્ષમાં લેવામાં આવેલ છે. વળી તેમાં અભૌતિક બાબતોનો સમાવેશ કરવામાં આવેલ નથી. સંપત્તિ એ કેવળ સાધન છે. અંતિમ સાધ્ય નથી. બીજી રીતે કહીએ તો અહીં સંપત્તિને જ કેન્દ્રમાં રાખવામાં આવેલ છે. આથી તે અંતિમ સાધ્ય બની રહે છે, પરંતુ વાસ્તવિક દૃષ્ટિએ જોઈએ તો સંપત્તિ એ માનવકલ્યાણ સાધવા માટેનું એક સાધન છે. આથી આ મુદ્દાને લક્ષમાં રાખી તેની ઉગ્ર ટીકા કરવામાં આવી છે.
- 19મી સદીના માનવતાવાદી તત્વચિંતકો જેવા કે રસ્કિન, કાર્લાઈલ, આર્નોલ્ડ વગેરેએ "સંપત્તિ'નો વિરોધ કરી અર્થશાસ્ત્રને આ વ્યાખ્યા અનુસાર, "Bread and Butter science" તરીકે ઓળખાવેલ. તેમના મતે "સંપત્તિનું શાસ્ત્ર" માનવીને માત્ર આર્થિક-માનવ બનાવી દે છે અને તેમાં સ્વાર્થ તથા સંપત્તિ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થાય છે. ટૂંકમાં આ પ્રકારની સંપત્તિથી માત્ર માનવકલ્યાણ વધવાને બદલે ઘટે છે.
- તે સમયના શિક્ષિત લોકોએ અને ધર્મગુરુઓએ પણ આ વ્યાખ્યાની ઉગ્ર ટીકા કરેલ. વળી તે સમયે ઇંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિ બાદ સંપત્તિ ખૂબ જ વધી હતી. પરંતુ તે સાથે સમાજમાં આવકની અસમાનતા, ગંદા રહેઠાણો, ગરીબાઈ અને શ્રમિકોનું શોષણ પણ વધવા પામેલ. આમ, સંપત્તિ વધે તો કલ્યાણ વધે એ વિચારધારા ખોટી પડી.

આમ, ઉપરોક્ત વ્યાખ્યામાં સંપત્તિનું ઘણું જ સંકુચિત અર્થઘટન થતાં તેની ઉગ્ર ટીકા થઈ. વળી તેનાથી અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર પણ ઘણું જ મર્યાદિત બની જતું હતું. આ બધા ખ્યાલોને દૃષ્ટિ સમક્ષ રાખી સંપત્તિલક્ષી વ્યાખ્યા ઘણી જ અસંતોષકારક ગણવામાં આવી અને 19મી સદીના અંત ભાગમાં તેનો અસ્વીકાર થયો.

આલ્ફ્રેડ માર્શલની (કલ્યાણલક્ષી) વ્યાખ્યા :

એડમ સ્મિથની વ્યાખ્યાની મર્યાદાના કારણે આલ્ફ્રેડ માર્શલે ઈ. સ. 1890માં તેમનાં પુસ્તક Principles of Economics માં અર્થશાસ્ત્રની કલ્યાણલક્ષી વ્યાખ્યા આપી. તેમના મતે, અર્થશાસ્ત્ર એ માનવીના સામાન્ય જીવનવ્યવહારનો અભ્યાસ કરે છે. "અર્થશાસ્ત્ર એ સંપત્તિનું નહિ પરંતુ ભૌતિક કલ્યાણનું શાસ્ત્ર છે."

 

સંપત્તિ એ માત્ર સાધન છે, સાધ્ય (લક્ષ્ય) નહિ. વ્યક્તિનું અંતિમ સાધ્ય તો માનવકલ્યાણ છે. તેમણે એમ પણ રજૂઆત કરી કે અર્થશાસ્ત્ર એક બાજુ સંપત્તિનો અભ્યાસ કરે છે તો બીજી બાજુએ તે માનવજીવનના એક અગત્યનાં પાસાંનો પણ અભ્યાસ કરે છે. કેનન તથા પીગુ જેવા અર્થશાસ્ત્રીઓએ પણ આ કલ્યાણલક્ષી વ્યાખ્યાને મહત્વ આપ્યું. આ વ્યાખ્યા લગભગ અડધી સદી સ્વીકાર્ય બની રહી.

પ્રો. માર્શલ સમક્ષ બે સમસ્યાઓ હતી. એક તો, ભૌતિક સંપત્તિ વધવા છતાં ગરીબી શા માટે વધે છે? અને બીજું શું ગરીબાઈ ઘટાડવી કે દૂર કરવી શક્ય નથી ? આમ, તેમણે અર્થશાસ્ત્રને દુઃખો દૂર કરવા માટેનું અને માનવજીવનનું હિત વધારવા માટેનું સાધન ગણ્યું અને કહ્યું કે, “અર્થશાસ્ત્ર માનવીના સામાન્ય જીવનવ્યવહારનો અભ્યાસ કરે છે. માર્શલની વ્યાખ્યા “Wealth' ના બદલે “Welfare' પર વિશેષ ભાર મૂકે છે.

સમજૂતી :

– માર્શલના મત મુજબ અર્થશાસ્ત્ર માનવીના સામાન્ય જીવન (જીવનવ્યવહાર)નો અભ્યાસ કરે છે, એટલે અર્થશાસ્ત્રનો પ્રધાન વિષય સંપત્તિ નહિ, પરંતુ માનવી અને તેના કાર્યો છે અને બીજું એ કે અર્થશાસ્ત્ર માત્ર માનવીનાં જીવનનાં આર્થિક પાસાને સ્પર્શે છે. સામાજિક, ધાર્મિક અને રાજકીય બાબતોનો સમાવેશ અર્થશાસ્ત્રમાં થતો નથી. અર્થશાસ્ત્રને આર્થિક પાસાં સિવાય માનવીના જીવનના અન્ય પાસાંઓ સાથે કોઈ સંબંધ નથી. વ્યક્તિ કઈ રીતે આવક મેળવે છે અને તેનું કઈ રીતે તે ખર્ચ કરે છે? આ આર્થિક બાબતનો સમાવેશ અર્થશાસ્ત્રમાં થાય છે.

– આ વ્યાખ્યા આર્થિક કલ્યાણને જ સ્પર્શે છે; અર્થાત્ તેમાં વ્યક્તિનાં જીવનનાં અન્ય અને સમગ્ર પાસાંનો સમાવેશ થતો નથી. એટલે કે તે સમગ્ર માનવકલ્યાણને સ્પર્શતી વ્યાખ્યા નથી. આથી જ આ વ્યાખ્યા કલ્યાણલક્ષી ગણાય છે.

– **મર્યાદાઓ/ટીકા :**

– **અભૌતિક બાબતોની ઉપેક્ષા :** એવી ઘણી અભૌતિક સેવાઓ પણ રહેલી છે કે જે માનવકલ્યાણ સાધવામાં ઉપયોગી બને છે. તેને પણ નાણાં કે કિંમત અને વેતન ચૂકવવામાં આવે છે. જેમ કે, ડૉક્ટર, વકીલ, શિક્ષણ વગેરે સેવાઓ. આ બધી સેવા મેળવવા માટે પણ કિંમત ચૂકવાય છે જે અર્થશાસ્ત્રના અભ્યાસમાંથી કઈ રીતે બાકાત રાખી શકાય? આ દષ્ટિ અર્થશાસ્ત્ર માત્ર ભૌતિક પ્રવૃત્તિઓ જ નહિ, પરંતુ અભૌતિક પ્રવૃત્તિઓનો પણ અભ્યાસ કરે છે.

– **કલ્યાણ સિવાયની આર્થિક બાબતોની ઉપેક્ષા :** કેટલીક અભૌતિક પ્રવૃત્તિ પણ અર્થશાસ્ત્રનો એક ભાગ છે. તેનાથી માનવીનું ભૌતિક કલ્યાણ ન વધતું હોય તો પણ તે હાથ ધરવામાં આવે છે. દા. ત., સંગીતકારને ચુકવાતી રકમ. તેનાથી માનવીના ભૌતિક કલ્યાણમાં કોઈ વધારો થતો નથી. તેમ છતાં તેને વતન આપવામાં આવતું હોવાથી તે અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં અવશ્ય પ્રવેશે છે.

– **અકલ્યાણકારી બાબતો :**પ્રો. રોબિન્સના મતે કેટલીક આર્થિક પ્રવૃત્તિઓથી સમાજના ભૌતિક કલ્યાણમાં કોઈ વધારો થતો ન હોય, પરંતુ જે અકલ્યાણકારી અને અહિતકર હોય તેવી વસ્તુઓ જેવી કે કેફી પીણાં, નશાકારક પદાર્થો વગેરેનું પણ ઉત્પાદન થાય છે અને આવી પ્રવૃત્તિઓ માનવજરૂરિયાતોને સંતોષે છે. પરિણામે તેમનું

ઉત્પાદન અને વિનિમય થાય છે. તેથી આવી પ્રવૃત્તિઓને અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાંથી બાકાત ન રાખી શકાય.

– **વાસ્તવિક પાસાની ઉપેક્ષા :** વળી અર્થશાસ્ત્રમાં જો કલ્યાણનો અભ્યાસ કરીએ તો આપણે એ બાબત પણ લક્ષમાં રાખવી પડે કે "શું હોવું જોઈએ અને શું ન હોવું જોઈએ?" આમ અહીં આપણે સારા-નરસા, કલ્યાણ-અકલ્યાણ વગેરે બાબતો અંગે પણ અભિપ્રાય આપવો પડે. પરંતુ પ્રો. રોબિન્સ માને છે કે, અર્થશાસ્ત્રને સાધ્યો પ્રત્યે તટસ્થ રહેવું જોઈએ.
– માર્શલની વ્યાખ્યા અનુસાર, અર્થશાસ્ત્ર "માનવીના સામાન્ય જીવનવ્યવહારનાં કાર્યોનો અભ્યાસ કરે છે. આથી અત્રે એ પ્રશ્ન પણ ઉદ્‌ભવે છે કે સામાન્ય જીવનવ્યવહારનાં કાર્યો એટલે શું? આ ઉપરાંત સામાન્ય જીવનવ્યવહારનાં કાર્યોમાં સામાજિક, આર્થિક અને ધાર્મિક કાર્યોનો પણ સમાવેશ થઈ શકે.
– આર્થિક પ્રવૃત્તિના ઉદભવ માટે કયાં પરિબળો જવાબદાર ગણાય તેની સમજૂતી આ વ્યાખ્યા આપતી નથી. વળી માનવકલ્યાણના મુદ્દાને ધ્યાનમાં લઈએ તો અર્થશાસ્ત્ર નિષ્પક્ષ કે તટસ્થ પણ રહી શકતું નથી.

લાયોનલ રોબિન્સની (અછતલક્ષી) વ્યાખ્યા:





માર્શલની વ્યાખ્યાની ક્ષતિઓ દૂર કરવા અને અર્થશાસ્ત્રનું સાચું સ્વરૂપ સમજવા માટે લાયોનલ રોબિન્સે ઈ.સ 1932માં પોતાના પુસ્તક An Essay on the Nature and significance of Economic Science માં અર્થશાસ્ત્રની અછતલક્ષી વ્યાખ્યા આપી..

રોબિન્સે આપેલી વ્યાખ્યા : "અર્થશાસ્ત્ર એ એક વિજ્ઞાન છે કે જે અમર્યાદિત જરૂરિયાતો અને વૈકલ્પિક ઉપયોગો ધરાવતાં એવાં અછતયુક્ત સાધનોના સંદર્ભમાં માનવી કેવી રીતે વર્તે છે તેનો અભ્યાસ કરે છે." *(Economics is the Science which studies human behaviour as a relationship between ends and scarce means which have alternative uses)*

આમ જુદા જુદા અગત્યાનુક્રમ ધરાવતી અમર્યાદિત જરૂરિયાતો સંતોષવા માટે વૈકલ્પિક ઉપયોગ ધરાવતાં મર્યાદિત કે સીમિત સાધનોનો ઉપયોગ કરવાનો હોય ત્યારે જે પસંદગીની સમસ્યા ઉદભવે છે, તે સમસ્યા આર્થિક છે. અર્થશાસ્ત્ર આવી પસંદગીની કે આર્થિક સમસ્યાનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.

વ્યાખ્યાની સમજુતી :

- અમર્યાદિત જરૂરિયાતો :

માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે. આ જરૂરિયાતો સંતોષવા માટે તેણે સતત પ્રવૃત્તિ કરવી પડે છે. પરંતુ આપણે અનુભવે એ જાણીએ છીએ કે અમર્યાદિત જરૂરિયાતો માનવી એકી સાથે સંતોષી શકતો નથી. જો તે મર્યાદિત હોત તો તેને કદાચ તે એક પછી એક એમ સંતોષી શકત. પરંતુ જરૂરિયાતોની એ લાક્ષણિકતા છે કે એક જરૂરિયાત સંતોષવામાં આવે તો તુરત બીજી જરૂરિયાત ઉદ્ધભવે છે. આમ અનેક જરૂરિયાતો હોવાથી માનવી તેને કદી સંતોષી શકતો નથી. આ તબક્કો ક્યારેય પૂર્ણ થતો નથી. આમ જરૂરિયાતો અમર્યાદિત હોવાથી વ્યક્તિએ વધુ તીવ્ર જરૂરિયાતો અને ઓછી તીવ્ર જરૂરિયાતો વચ્ચે પસંદગી કરવી પડે છે. પરિણામે વ્યક્તિએ સતત પ્રવૃત્તિમય જીવન ગાળવું પડે છે. જો જરૂરિયાતો મર્યાદિત હોત તો, આર્થિક પ્રવૃત્તિ કરવાની પ્રેરણાનો અંત આવી જાત. વળી એકની એક જરૂરિયાત પણ અમુક સમયના અંતરે ફરી ઉદ્‌ભવે છે. આમ જરૂરિયાતોનું ચક્ર સતત ચાલ્યા જ કરે છે તે તેનો કદી અંત આવતો નથી.

- અછતયુક્ત સાધનોઃ

ઉપર મુજબ માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે, પરંતુ તેમને સંતોષવાનાં સાધનોની સાપેક્ષ અછત છે. વ્યક્તિ, કુટુંબ કે દેશ તેમજ દુનિયાની જરૂરિયાતોના સંદર્ભમાં જોઈએ તો જણાય છે કે આ જરૂરિયાતો સંતોષવા માટેનું સાધનો માનવી પાસે મર્યાદિત છે. અત્રે એ યાદ રાખવું જરૂરી છે કે સાધનોની અછત હંમેશાં જરૂરિયાતોના

સંદર્ભમાં રજૂ કરવામાં આવે છે. સાધનોની આ પ્રકારની સાપેક્ષ અછતને લીધે જ માનવીએ તેમનો કરકસરયુક્ત ઉપયોગ કરવો પડે છે. જો સાધનો અમર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ હોત તો તેમના કરકસરયુક્ત ઉપયોગની કોઈ સમસ્યા જ ઉદ્ભવત નહિ. નોંધનીય છે કે કોઈ પણ વસ્તુનો પુરવઠો ઓછો હોય તો તેના એ અર્થ નથી કે તેની અછત છે. અનાજનું લાખો ટન ઉત્પાદન હોય તો પણ તે માંગના સંદર્ભમાં અછત ધરાવે છે. આમ, અછતનો વિચાર અત્રે તેની માંગના સંદર્ભમાં સાપેક્ષ રીતે કરવામાં આવે છે.

- સાધનોનો વૈકલ્પિક ઉપયોગ:

દરેક ઉત્પાદનના સાધન દ્વારા જુદી જુદી ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થઈ શકે છે. આમ, ઉત્પાદનના સાધનોનો વિવિધ (વૈકલ્પિક) ઉપયોગ થઈ શકે છે. દા. ત., ભૂમિ કે જમીન, તો તેમાં ખેતી થઈ શકે, તેના પર રહેણાંકના મકાન પણ બાંધી શકાય કે કારખાનું પણ સ્થાપી શકાય. ખેડૂત જો તેમાં ખેતી કરવાનો નિર્ણય લે તો તેમાં કઈ વસ્તુનું વાવેતર કે ઉત્પાદન કરવું તે બાબતમાં પણ તેણે પસંદગી કરવી પડે. જેમ કે જો તે ઘઉં ઉગાડે તો મગફળીનું ઉત્પાદન જતું કરવું પડે. તેવી જ રીતે મૂડી અને શ્રમનો વૈકલ્પિક ઉપયોગ કરી શકાય છે.

- પસંદગીની સમસ્યા :

જો ઉત્પાદનનાં સાધનોનો એક જ ઉપયોગ થઈ શકતો હોત તો તેના ઉપયોગ બાબત પસંદગી કરવાની સમસ્યા ઉદ્ભવત નહિ, પરંતુ હકીકતમાં ઉત્પાદનનાં સાધનોનો વૈકલ્પિક ઉપયોગ થઈ શકે છે. આથી ઉત્પાદનનાં કયાં સાધનને કયા ઉપયોગમાં કામે લગાડવું તે નક્કી કરવાની સમસ્યા ઉદ્ભવે છે. પરિણામે અહીં આર્થિક પસંદગી કરવાનો પ્રશ્ન ઉદ્ભવે છે. આવી જ રીતે વ્યક્તિએ ખર્ચ કરતી વખતે પણ એ પસંદ કરવું પડે છે કે તેણે પોતાની આવક કઈ વસ્તુની ખરીદી પાછળ વાપરવી.

- અર્થશાસ્ત્ર વાસ્તવિક વિજ્ઞાન છે. (સાધ્યો પ્રત્યે તટસ્થ) :

રોબિન્સના મતે કલ્યાણલક્ષી બાબતોનો અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં સમાવેશ થતો નથી. વ્યક્તિ કે સમાજે નક્કી કરેલાં સાધ્યો સારાં છે કે ખરાબ, યોગ્ય છે કે અયોગ્ય તે નક્કી કરવાનું કે તેના વિશે અભિપ્રાય ઉચ્ચારવાનું કાર્ય અર્થશાસ્ત્રનું નથી. આમ, અર્થશાસ્ત્ર સાધ્યોની બાબતમાં તટસ્થ છે. (Economics is neutral between ends). કલ્યાણ-અકલ્યાણ, સારું-ખરાબ વગેરે બાબતોનો અભ્યાસ અર્થશાસ્ત્ર કરે તો તેનું કાર્યક્ષેત્ર વિશાળ બની જાય છે.

ટીકા/મર્યાદા

- **પસંદગીની સમસ્યા સાર્વત્રિક :** રોબિન્સના મતે આખરે પસંદગીની જે સમસ્યા ઉદ્ભવે છે તે તો જીવનનાં દરેક ક્ષેત્રમાં ઉદ્ભવે છે. માત્ર તે આર્થિક પ્રવૃત્તિમાં જ જોવા મળી નથી. આથી એ સમસ્યાને આર્થિક સમસ્યા કઈ રીતે ગણાય ? સામાજિક પ્રસંગોમાં પણ વ્યક્તિએ પસંદગી કરવી પડે છે. ટૂંકમાં કહીએ તો પસંદગીની સમસ્યા સાર્વત્રિ છે. અર્થાત્ જીવનનાં દરેક ક્ષેત્રમાં વ્યક્તિએ પસંદગીનો સામનો કરવો જ પડે છે. જો પસંદગીની આ સમસ્યા દરેક ક્ષેત્રમાં લાગુ પાડીએ તો અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર ઘણું વિશાળ અને અવૈજ્ઞાનિક બની જાય. પરિણામે અર્થશાસ્ત્રનો અભ્યાસ પદ્ધતિસર થઈ શકે નહિ.
- **અછતનાં પાસાં પર વિશેષ ભાર :** રોબિન્સની વ્યાખ્યામાં તે અછતનાં પાસાં પર વધુ લક્ષ આપે છે. આધુનિક યુગમાં અછતનો પ્રશ્ન કઈ રીતે ઉકેલવો એ મુખ્ય સમસ્યા બની ગયેલ છે, પરંતુ વર્તમાન સમયમાં મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ વિકાસના અર્થશાસ્ત્ર પર વિશેષ ધ્યાન આપે છે. ટૂંકમાં આધુનિક અર્થશાસ્ત્ર અછતલક્ષી કરતાં વિકાસલક્ષી વિશેષ ગણાય છે.
- **વિપુલતામાં પણ આર્થિક સમસ્યા :** રોબિન્સના મંતવ્ય અનુસાર જરૂરિયાતોના સંદર્ભમાં સાધનોની અછતના પરિણામે આર્થિક સમસ્યા ઉદ્ભવે છે. તેથી તેઓ અછતનાં પાસાં પર વિશેષ ભાર મૂકે છે. પરંતુ વ્યવહારમાં આર્થિક સમસ્યા માત્ર સાધનોની અછતના પરિણામે જ ઉદ્ભવતી નથી. આ સમસ્યા છત કે વિપુલતાના સંજોગોમાં પણ ઉદ્ભવે છે. ઉદાહરણ તરીકે મંદીના સમયમાં વસ્તુઓની માંગ કરતાં તેનો પુરવઠો વધુ હોય છે.

આથી આ કિસ્સામાં અછતની સમસ્યા નહિ, પરંતુ અતિઉત્પાદનની સમસ્યા ઉદ્ભવે છે. આમ, વિપુલતા સંજોગોમાં પણ આર્થિક સમસ્યા ઉદ્ભવે છે એ હકીકતને રોબિન્સની વ્યાખ્યામાં લક્ષમાં લેવામાં આવી નથી.

- **હેતુવિહીન વ્યાખ્યા :** આધુનિક અર્થશાસ્ત્રીઓ માને છે કે અર્થશાસ્ત્ર સાધ્યો પરત્વે તટસ્થ રહી શકે નહિ. દેશમાં ગરીબાઈ હોય કે બેકારી હોય, આર્થિક અસમાનતા પ્રર્વતમાન હોય, ભાવવધારો થાય કે અતિવસ્તીની સમસ્યા હોય તો માત્ર તેમનાં કારણો શોધવાં કે તેનું આર્થિક વિશ્લેષણ જ કરવામાં આવે તે પૂરતું નથી. આવા મહત્વના પ્રશ્નો હલ કરવા કયા ઉપાયો કરવા જોઈએ તે અંગે માર્ગદર્શન અને સૂચનો આપવાનું કાર્ય પણ અર્થશાસ્ત્રનું છે. માત્ર જ્ઞાન પ્રાપ્તિના હેતુથી આપણે અર્થશાસ્ત્રનો અભ્યાસ કરી શકીએ નહિ. આર્થિક સમસ્યાના ઉકેલો ન દર્શાવતું અર્થશાસ્ત્ર નકામું બની જાય છે.
- **કલ્યાણના ખ્યાલનો પરોક્ષ સ્વીકાર:** રોબિન્સે તેમની વ્યાખ્યામાંથી, “કલ્યાણ' શબ્દ સામે ઉગ્ર વિરોધ કરી તેની આકરી ટીકા કરેલ છે. પરંતુ રોબિન્સની અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં પણ પરોક્ષ રીતે કલ્યાણનો ખ્યાલ પ્રવેશી જાય છે. રોબિન્સની વ્યાખ્યા મુજબ અર્થશાસ્ત્ર અછતયુક્ત કે મર્યાદિત સાધનોની અમર્યાદિત જરૂરિયાતો સંતોષવા માટે કેવી રીતે ફાળવણી કરવી તેનો અભ્યાસ કરે છે. પરંતુ આ સાધનોની ફાળવણી વ્યક્તિને કે સમાજને વધુમાં વધુ સંતોષ મળે એટલે કે “મહત્તમ કલ્યાણ” થાય તે રીતે થતી હોય છે. આમ તેમણે આપેલી વ્યાખ્યામાં “કલ્યાણ'નો પરોક્ષ સ્વીકાર થયેલો છે તેમ કહી શકાય.
- **રોબિન્સની અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં પણ કશું નવીન નથી:** માર્શલ ન જાણતા હોય તેવું કશું રોબિન્સની વ્યાખ્યામાં નથી. અમર્યાદિત જરૂરિયાતો અને સાધનોની અછત અને તેમાંથી ઉદ્ભવતો પસંદગીનો પ્રશ્ન એ બધા ખ્યાલો માર્શલની વ્યાખ્યામાં એક યા બીજી રીતે સમાયેલ છે જ. માર્શલ જણાવે છે કે, અર્થશાસ્ત્ર સંપત્તિ અને કલ્યાણના સંદર્ભમાં માનવીના વર્તનનો અભ્યાસ કરે છે. અહી “સંપત્તિ” એ અમર્યાદિત જરૂરિયાતોના સંદર્ભમાં અછતયુક્ત સાધન છે. માનવકલ્યાણ ત્યારે જ મહત્તમ બની શકે કે જ્યારે અછતયુક્ત સાધનોની, અમર્યાદિત જરૂરિયાતો સંતોષવા માટે યોગ્ય પસંદગી કરવામાં આવે. આમ આ વ્યાખ્યામાં પણ આ ખ્યાલ પરોક્ષ રીતે સમાયેલો છે.
- **આર્થિક પ્રવૃત્તિના સામાજિક પાસાંની અવગણના :** રોબિન્સે આપેલ અર્થશાસ્ત્રની વ્યાખ્યા આર્થિક પ્રવૃત્તિના સામાજિક પાસાંની ઉપેક્ષા કરે છે. વાસ્તવમાં અર્થશાસ્ત્ર પણ એક સામાજિક વિજ્ઞાન છે. આથી અર્થશાસ્ત્ર, સમાજના એક સભ્ય તરીકેની માનવીની આર્થિક પ્રવૃત્તિના અભ્યાસ સાથે સંકળાયેલું છે. અર્થશાસ્ત્ર પણ સમાજથી દૂર રહેતી એકાકી વ્યક્તિના વર્તનના અભ્યાસ સાથે સંબંધ ધરાવતું નથી.
- **અર્થશાસ્ત્ર આદર્શલક્ષી વિજ્ઞાન પણ છે :** રોબિન્સના મતે અર્થશાસ્ત્ર એ કે વાસ્તવિક વિજ્ઞાન છે. તેને માનવકલ્યાણ સાથે કશો સંબંધ નથી. પરંતુ વાસ્તવમાં અર્થશાસ્ત્ર આજે આદર્શલક્ષી વિજ્ઞાન (Normative Science) ગણાય છે. અર્થશાસ્ત્રને સમાજ માટે શું લાભદાયી છે તે અંગે નીતિવિષયક સૂચનો પણ કરવાના હોય છે જે સરકારને આર્થિક નીતિના ઘડતરમાં ઉપયોગી બની રહે છે. આમ પ્રો. પીગુના મત અનુસાર અર્થશાસ્ત્ર લાભદાયી (Fruit-bearing) પણ હોવું જોઈએ નહિ કે કેવળ જ્ઞાનદાયી (Light-bearing).
- **સ્થિરતાનું અર્થશાસ્ત્ર:** રોબિન્સની અર્થશાસ્ત્રની વ્યાખ્યા સ્વરૂપે સ્થિરતાના અર્થકારણનો નિર્દેશ કરે છે. રોબિન્સ અછતના પ્રશ્નને સ્થિરતાના દ્રષ્ટિકોણથી રજુ કર્યો છે. રોબિન્સની વ્યાખ્યા અનુસાર સાધન અને સાધ્ય બદલાતાં જ નથી. વાસ્તવમાં પ્રવર્તમાન સમય સતત પરિવર્તનશીલ છે. જેમાં સાધનો અને સાધ્ય બને બદલાતાં રહે છે. આમ,અર્થતંત્રના વિકાસ સાથે સાધનોનું પ્રમાણ બદલી શકાય છે.

ઉપરોક્ત ટીકાઓ છતાં એ ભૂલવું ન જોઈએ કે અન્ય અર્થશાસ્ત્રીઓ કરતા રોબિન્સની વ્યાખ્યા ઘણી જ વૈજ્ઞાનિક સ્વરૂપની અને તાર્કિક ગણવામાં આવે છે. આ વ્યાખ્યા વધુ સ્વીકાર્ય ગણાય છે.

યુનિટ-૨ (અર્થશાસ્ત્રના પાયાના ખ્યાલો)

2.1 આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિ

માણસ સતત પ્રવૃત્તિશીલ છે. તે દિવસ દરમિયાનમાં અનેક પ્રવૃત્તિ કરે છે. અર્થશાસ્ત્ર માણસની બધી જ પ્રવૃત્તિઓનો અભ્યાસ નથી કરતું, પરંતુ તે માનવીની આર્થિક પ્રવૃત્તિનો જ અભ્યાસ કરે છે. માટે અર્થશાસ્ત્રના અભ્યાસની શરૂઆતમાં આર્થિક પ્રવૃત્તિનો અર્થ સમજવો જરૂરી છે.

> આર્થિક પ્રવૃત્તિનો અર્થ :

માણસ પોતાની જરૂરિયાતો સંતોષવાના હેતુસર, વસ્તુઓ અને સેવાઓના વિનિમય માટે આવક મેળવવાની કે ખર્ચ કરવાની જે પ્રવૃત્તિ કરે છે તે આર્થિક પ્રવૃત્તિ છે. આર્થિક પ્રવૃત્તિમાં ત્રણ બાબતો મહત્વની છે : આવક, ખર્ચ અને વિનિમય, એટલે આર્થિક વિનિમયો માટે આવક-પ્રાપ્તિ કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ એટલે આર્થિક પ્રવૃત્તિ.

ટૂંકમાં જરૂરિયાતોના સંતોષ માટે વસ્તુઓ કે સેવાઓ મેળવવા આવક-પ્રાપ્તિ કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ એટલે આર્થિક પ્રવૃત્તિ.

> બિનઆર્થિક પ્રવૃત્તિનો અર્થ :

જે પ્રવૃત્તિનો ઉદેશ્ય આવક મેળવવા, ખર્ચ કરવાનો અને વિનિમયનો નથી, તે સિવાયનો છે તે પ્રવૃત્તિ બિનઆર્થિક છે.

જે પ્રવૃત્તિમાં માત્ર આવક કે માત્ર ખર્ચ હોય અને વિનિમય ન હોય તે પ્રવૃત્તિ બિનઆર્થિક છે. દા.ત., દાન આપવાની પ્રવૃત્તિ. અહીં ખર્ચ થાય છે પણ સામે પ્રત્યક્ષ રીતે કશું મળતું નથી.

આ વ્યાખ્યા પરથી એમ તારવી શકાય કે, વ્યક્તિ કશુંક મેળવવાની આશા સાથે, લાભ અને ગેરલાભની તુલના સાથે જે પ્રવૃત્તિઓ કરે છે તે આર્થિક પ્રવૃત્તિ છે. જેમાં વિનિમય થવો જરૂરી છે. આર્થિક પ્રવૃત્તિની સ્પષ્ટ સમજ માટે નીચેનાં ઉદાહરણો જુઓ : હોટલમાં જઈને જમવું. (ખર્ચ કરીને જરૂરિયાત સંતોષવી.), થિયેટરમાં જઈને ફિલ્મ જોવી. (ખર્ચ કરીને મનોરંજન મેળવવું.), ખેતરમાં જઈને મહેનત કરવી (શ્રમ કરીને ઉત્પાદન મેળવવું.), શાળામાં બાળકોને ભણાવી પગાર મેળવવો. (સેવા આપીને આવક મેળવવી.)

આમ, માણસની અનેક જરૂરિયાત છે. આ જરૂરિયાતો પૂરી કરવા માટે જે વસ્તુઓ કે સેવાઓની જરૂર પડે છે તે મેળવવા માટે કાં તો વસ્તુ કે સેવા આપવી પડે છે અથવા નાણાં આપવા પડે છે અને આ બદલામાં આપવાની વસ્તુ, સેવા કે નાણાં મેળવવા માટે આપણી પાસે જે વસ્તુ, સેવા, શ્રમ છે તે આપવા પડે છે. દા.ત., ખેડૂતને ટ્રેક્ટરની જરૂરિયાત છે. ટ્રેક્ટર મેળવવા માટે નાણાંની જરૂર પડે માટે ખેડૂત ખેતરમાં મહેનત કરી શ્રમ દ્વારા અનાજ ઉગાડે છે.

2.2 સંપત્તિ અને કલ્યાણ, વસ્તુઓ-સેવાઓ, ઉત્પાદન, માંગ અને પુરવઠો

(A) સંપત્તિ (Wealth) અને કલ્યાણ (Welfare)

> સંપત્તિનો અર્થ : આલ્ફ્રેડ માર્શલે સંપત્તિનો અર્થ આપતા જણાવ્યું કે, જે વસ્તુ ઉપયોગી હોય, અછતવાળી હોય, વિનિમયપાત્ર હોય અને જેના પર વ્યક્તિગત માલિકી થઈ શકતી હોય તે સંપત્તિ છે.

> સંપત્તિનાં લક્ષણો :

- તે ઉપયોગિતાનો ગુણ ધરાવે છે. :s માનવ-જરૂરિયાત સંતોષવાનો ગુણ એટલે ઉપયોગિતાનો ગુણ. સંપત્તિનું પ્રથમ લક્ષણ એ છે કે તે માનવીની જરૂરિયાત સંતોષવાનો ગુણ ધરાવે છે, એટલે કે તે ઉપયોગી છે. મકાન, વાહન, સોના-ચાંદીના ઘરેણાં વગેરે સંપત્તિ છે.

- તેની અછત હોવી જોઈએ : વસ્તુમાં ઉપયોગિતાનો ગુણ હોવા સાથે તેમાં અછતનો ગુણ પણ હોવો જોઈએ કારણ કે અછતવાળી વસ્તુ જ વિનિમય-મૂલ્ય ધરાવે છે. સર્વસુલભ વસ્તુઓ બધાને સરળતાથી મળે છે માટે તે સંપત્તિ ગણી શકાય નહિ કારણ કે તેનો વિનિમય થવાનો નથી.

- ભૌતિક કે બાહ્યરૂપ ધરાવે છે : સંપત્તિ ભૌતિક કે બાહ્યરૂપ ધરાવતી હોવી જોઈએ. વ્યક્તિમાં રહેલ જ્ઞાન, સમજણ, કળા એ સંપત્તિ નથી તેનો વિનિમય થઈ શકતો નથી, જે-તે વ્યક્તિ સાથે જ તે રહે છે. તે તેનો આંતરિક ગુણ છે.

- વિનિમયપાત્ર હોવી જોઈએ : જે વસ્તુ ઉપયોગી હોય, બાહ્ય હોય, પણ વિનિમયપાત્ર ન હોય તો તે સંપત્તિ નથી. સંપત્તિનો અગત્યનો ગુણ તેની વિનિમય-ક્ષમતા છે. તે આપીને સામે બીજી વસ્તુ મેળવી શકાવી જોઈએ. સોનું, ઝવેરાત, જમીન વગેરે સંપત્તિ છે કારણ કે તે વિનિમય-મૂલ્ય ધરાવે છે.

- ટકાઉપણાનો ગુણ : સંપત્તિમાં ટકાઉપણાનો ગુણ હોય છે. જે વસ્તુઓ-સેવાઓ નાશવંત છે. જેના જથ્થાને લાંબા સમય સુધી રાખી શકાતો નથી તે સંપત્તિ ગણી શકાય નહિ. સોનું, જમીન, મકાન, શૈર વગેરે સંપત્તિ છે કારણ કે તે વર્ષો સુધી રહે છે. જો નાશવંત વસ્તુઓ લાંબા ગાળા સુધી ટકે તેવી વ્યવસ્થા શોધાય તો આજે જે સંપત્તિ નથી તે આવતી કાલે સંપત્તિ બને. દા.ત., ખેડૂતો હવે કેટલાક ખેત-ઉત્પાદનોને કૉલ્ડ સ્ટોરેજ જેવી ટેક્નોલોજીના ઉપયોગથી લાંબો સમય ટકાવી શકે છે.

આમ બાહ્ય, ઉપયોગી, વિનિમયપાત્ર અને અછતવાળી વસ્તુ એટલે સંપત્તિ.

> સંપત્તિના પ્રકારો :

- વ્યક્તિગત સંપત્તિ અને સામાજિક સંપત્તિ : જે સંપત્તિની માલિકી અને વપરાશ ખાનગી અને વ્યક્તિગત હોય તે વ્યક્તિગત સંપત્તિ ગણાય અને જે સંપત્તિની માલિકી અને વપરાશ સમાજ સમૂહ દ્વારા થતો હોય તે સામાજિક સામૂહિક સંપત્તિ ગણાય.

- રાષ્ટ્રીય સંપત્તિ અને આંતરરાષ્ટ્રીય સંપત્તિ : દેશની માલિકીની સંપત્તિ રાષ્ટ્રીય માલિકીની છે. દેશના નદી, પર્વત, રણ, જાહેર રસ્તાઓ ઐતિહાસિક ઇમારતો આપણી રાષ્ટ્રીય સંપત્તિ છે. આપણો સામૂહિક વારસો સાહિત્ય-સ્થાપત્ય આપણી રાષ્ટ્રીય સંપત્તિ છે. આવી જ રીતે આંતરરાષ્ટ્રીય સંપત્તિનો વિચાર પણ કરી શકાય. દા.ત., કોઈ પણ દેશની હદ છોડ્યા પછીનો દરિયો આંતરરાષ્ટ્રીય સંપત્તિ ગણાય છે.

કલ્યાણ (Welfare)



કલ્યાણ એટલે સારી સ્થિતિ, પરિસ્થિતિમાં સુધારો. આર્થિક રીતે કહીએ તો ભૌતિક જીવન-ધોરણમાં સુધારો વધુ સારી સ્થિતિનું નિર્માણ.

આધ્યાત્મથી માંડીને અર્થશાસ્ત્ર સુધી કલ્યાણ શબ્દ વપરાય છે. માણસ જીવનનાં તમામ ક્ષેત્રોમાં કલ્યાણ થાય તેવું ઇચ્છે છે એટલે કે વધારે સારી સ્થિતિ ઇચ્છે છે અને વધુ સારી સ્થિતિ માત્ર ટૂંકાગાળા માટે નહિ પણ કાયમી ધોરણે રહે તે કલ્યાણ છે.

અર્થશાસ્ત્રમાં કલ્યાણને બે રીતે વિચારી શકાય : (1) વ્યક્તિગત કલ્યાણ અને (2) સામૂહિક કલ્યાણ.

આપણે જ્યારે કલ્યાણની વાત કરીએ ત્યારે સામૂહિક કલ્યાણનો વિચાર કરવાનો છે. વળી, કલ્યાણને આર્થિક પરિસ્થિતિમાં માપી શકાય તેવા સુધારા સાથે ગુણાત્મક પરિવર્તનો સાથે પણ સંબંધ છે. એટલે તે

આર્થિકવૃદ્ધિ કરતાં, આર્થિક વિકાસ સાથે સંકળાયેલી બાબત છે. વળી, કલ્યાણનો મોટો આધાર આવકવૃદ્ધિ કરતાં આવકની યોગ્ય વહેંચણી પર રહેલો છે.

> સંપત્તિ અને કલ્યાણનો સંબંધ સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે, વ્યક્તિની સંપત્તિમાં વધારો થાય ત્યારે તેના કલ્યાણમાં પણ વધારો થાય છે. દેશની સંપત્તિમાં વધારો થાય તેથી દેશના લોકોનું પણ કલ્યાણ થાય છે. પણ વ્યક્તિ માટે જે બાબત સાચી હોય તે દેશ માટે ન પણ હોય. ઉપર જણાવ્યું તેમ કલ્યાણને આવકની વહેંચણી સાથે સંબંધ છે. દેશની સંપત્તિમાં વધારો થાય પણ તે થોડાક જ લોકોના હાથમાં કેન્દ્રિત થયેલી હોય તો દેશના બધા લોકોનું કલ્યાણ વધતું નથી.

કલ્યાણને પ્રજાના સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો સાથે પણ જોડવામાં આવે તો સંપત્તિ અને કલ્યાણનો સીધો સંબંધ માપી શકાતો નથી. કારણ કે અર્થશાસ્ત્ર નૈતિક મૂલ્યોના નિર્ણયો કરતું નથી !

આમ છતાં માત્ર ભૌતિક કલ્યાણનો વિચાર કરીએ તો દેશની આવકમાં વધારો થવા સાથે આવકની વહેંચણી પણ સુધરે તો કલ્યાણમાં વધારો થાય છે તેમ કહી શકાય.

(B) વસ્તુઓ અને સેવાઓ (Goods and servics)

વસ્તુઓ : જે ભૌતિક બાબતો દ્વારા માનવ જરૂરિયાત સંતોષાય છે તે વસ્તુઓ છે.

સેવાઓ : જે અભૌતિક બાબતો દ્વારા માનવ જરૂરિયાત સંતોષાય છે તે સેવાઓ છે. દા.ત. શિક્ષણ

વ્યક્તિની જરૂરિયાતો ભૌતિક અને શારીરિક હોય છે તથા ઘણી અભૌતિક અને માનસિક હોય છે. આ જરૂરિયાતોનો સંતોષ પણ ભૌતિક અને શારીરિક રીતે હોય છે તથા અભૌતિક અને માનસિક રીતે હોય છે. ખાવું-પીવું-મુસાફરી કરવી, રમવું આ ભૌતિક શારીરિક જરૂરિયાતો છે જેને સંતોષનારી બાબતો પણ ભૌતિક એટલે માપી શકાય તેવી હોય છે, જે વસ્તુઓ છે અને માનસિક જરૂરિયાતો સંતોષનારી બાબતો સેવાઓ છે.

વસ્તુઓના પ્રકારો (Types of Goods)

ભૌતિક અને અભૌતિક વસ્તુઓ : ટી.વી. ફ્રિજ, મોબાઈલ આ માપી શકાય, જોઈ શકાય તેવી ભૌતિક વસ્તુઓ છે; જ્યારે સંગીત, શિક્ષણ, દાક્તરી-સલાહ વગેરે અભૌતિક વસ્તુઓ કે સેવાઓ છે.

સર્વસુલભ વસ્તુઓ અને આર્થિક વસ્તુઓ : જે વસ્તુ કે સેવાના પુરવઠા પર કોઈનો અંકુશ ન હોય અને જે વસ્તુ કે સેવા સૌને જ્યારે જેટલા પ્રમાણમાં જોઈએ ત્યારે પ્રાપ્ત હોય તેવી વસ્તુઓ સર્વસુલભ વસ્તુઓ છે. દા.ત., હવા, સૂર્યપ્રકાશ વગેરે. જે વસ્તુના પુરવઠાને કાબૂમાં રાખી શકાય છે. જેની અછત છે અને માટે જેનું ખરીદ-વેચાણ થઈ શકે છે તે તમામ વસ્તુઓ કે સેવાઓ આર્થિક વસ્તુ કે અછતવાળી વસ્તુઓ કહેવામાં આવે છે.

ટકાઉ વસ્તુઓ અને નાશવંત વસ્તુઓ : કેટલીક વસ્તુઓનો વપરાશ કરતાંની સાથે જ અંત આવે છે તેને નાશવંત વસ્તુઓ કહે છે. જ્યારે કેટલીક વસ્તુઓનો લાંબા ગાળા સુધી વપરાશ કરી શકાય છે તેને ટકાઉ વસ્તુઓ કહે છે. દા.ત., દૂધ, ફળો જેનો સમયગાળો ઓછો હોય છે, વપરાશમાં ન લો તોપણ તે લાંબા ગાળા સુધી ઉપયોગી રહેતી નથી, એટલે તે નાશવંત વસ્તુ છે. જયારે ફર્નિચર, કપડાં, ફ્રિજ, ટી.વી. લાંબા ગાળા સુધી વપરાશમાં રહી શકે છે તે ટકાઉ વસ્તુઓ છે.

ખાનગી વસ્તુઓ અને જાહેર વસ્તુઓ : વસ્તુની માલિકી ખાનગી, વ્યક્તિગત હોય તે ખાનગી વસ્તુ છે. તે વસ્તુના વપરાશનો નિર્ણય ખાનગી વ્યક્તિને આધીન છે અને જે વસ્તુની માલિકી જાહેર સંસ્થા કે સરકારની હોય તે જાહેર વસ્તુ છે. જેના વપરાશનો નિર્ણય કોઈ વ્યક્તિ વ્યક્તિગત ધોરણે કરી શકતો નથી. ટૂંકમાં જેની ખાનગી માલિકી છે, વ્યક્તિગત ધોરણે વપરાશ છે. તેનું વપરાશનું ક્ષેત્ર મર્યાદિત છે તે ખાનગી વસ્તુઓ છે. જ્યારે જેનો વપરાશ સામૂહિક ધોરણે થઈ શકે છે. જેની માલિકી સામૂહિક – સરકારની છે અને જેના વપરાશનું ક્ષેત્ર વિશાળ છે તે જાહેર વસ્તુઓ છે.

વપરાશી વસ્તુઓ અને ઉત્પાદક વસ્તુઓ : માનવ-જરૂરિયાત સંતોષનારી વસ્તુઓ બે રીતે માનવ-જરૂરિયાત સંતોષે છે. પ્રત્યક્ષ અને સીધો જ સંતોષ આપે અથવા પરોક્ષ રીતે જરૂરિયાત સંતોષવામાં મદદ કરે. દા. ત., કાર માનવીની જરૂરિયાતને સીધી જ સંતોષે છે. જે વપરાશી વસ્તુ કહેવાય જ્યારે કાર તૈયાર કરનાર અન્ય મશીનરી/યંત્રોને ઉત્પાદક વસ્તુઓ કહેવાય.

(C) ઉત્પાદન

> ઉત્પાદન

માણસ અમર્યાદિત જરૂરિયાતો ધરાવે છે. આ જરૂરિયાતોની પૂર્તિ માટે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે છે. માનવીની જરૂરિયાત સંતોષી શકે તે રીતે વસ્તુ કે સેવાને ઉપયોગી સ્વરૂપ આપવામાં આવે તે ઉત્પાદન છે.

> **ઉત્પાદનનો અર્થ :** ઉપયોગિતા ગુણનું સર્જન (તુષ્ટિગુણનું સર્જન) કરવાની પ્રક્રિયા એટલે ઉત્પાદન. દા.ત., લાકડાને ફર્નિચરના સ્વરૂપમાં બદલવાથી તેમાં ઉપયોગિતાનો ગુણ ઉમેરાય છે. આ પ્રક્રિયાને ઉત્પાદન કહે છે. ***Production in Economics means creation of new utility.*** સ્થળ બદલવાથી, સ્વરૂપ બદલવાથી, સમય બદલવાથી વસ્તુના તુષ્ટિગુણમાં એટલે કે ઉપયોગિતાના ગુણમાં વધારો થાય છે, આ પ્રક્રિયાને ઉત્પાદન કહે છે.

> ઉત્પાદનના સ્વરૂપો-

- સ્વરૂપલક્ષી ઉત્પાદન : વસ્તુનું સ્વરૂપ બદલવામાં આવે અને તેના તુષ્ટિગુણમાં વધારો કરવામાં આવે તેને સ્વરૂપલક્ષી ઉત્પાદન કહે છે. દા.ત., રૂમાંથી કાપડ બનાવવામાં આવે. અર્થતંત્રમાં મોટેભાગે આ રીતે ઉત્પાદન થતું હોય છે.
- સ્થળલક્ષી ઉત્પાદન : વસ્તુનું સ્થળ બદલાવવામાં આવે અને તેના તુષ્ટિગુણમાં વધારો કરવામાં આવે તેને સ્થળલક્ષી ઉત્પાદન કહે છે. અહીં મોટેભાગે જ્યાં વસ્તુની અછત હોય તે સ્થળે વસ્તુ લઈ જઈને વેચવામાં આવે છે. દા.ત. ગીર સોમનાથની કેસર કેરીને અમદાવાદ લઈ જવામાં આવે.
- સમયલક્ષી ઉત્પાદન : વસ્તુના ઉત્પાદન/વપરાશનો સમય બદલાવવામાં આવે અને તેના તુષ્ટિગુણમાં વધારો કરવામાં આવે તેને સમયલક્ષી ઉત્પાદન કહે છે. દા.ત. શિયાળામાં ગરમ કપડાનું ઉત્પાદન/વેચાણ.

> ઉત્પાદનના પ્રકારો :

- પ્રાથમિક કક્ષાનું ઉત્પાદન : કૃષિ, વનસંવર્ધન, ખાણકામ, ખનીજ તેલ જેવા વગેરે ઉદ્યોગો દ્વારા પ્રાથમિક ઉત્પાદન કરવામાં આવે છે. આ પ્રકારનું ઉત્પાદન જમીન, સમુદ્ર, નદી, તળાવ, પહાડો વગેરે કુદરતી સંસાધનોના ઉપયોગ દ્વારા થાય છે. જેમ કે, જમીનમાં ખોદકામ દ્વારા કોલસાનું ઉત્પાદન, ખનીજ તેલનું ઉત્પાદન વગેરે.



- દ્વિતીય કક્ષાનું ઉત્પાદન : તેમાં કાચામાલ કે અર્ધ તૈયાર માલમાંથી તૈયાર વસ્તુ બનાવતા ઉદ્યોગો દ્વારા થતા ઉત્પાદનનો સમાવેશ થાય છે. મોટેભાગે મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગો અને બાંધકામ ઉદ્યોગમાં આ ઉત્પાદન થાય છે. દા.ત. કાર, દવા બ્રેડનું ઉત્પાદન
- તૃતિય કક્ષાનું ઉત્પાદન : ગ્રાહકોને પૂરી પાડવામાં આવતી વિવિધ સેવાઓને તૃતિય કક્ષાનું ઉત્પાદન કહે છે. દા.ત. બેન્કિંગ, ઈન્સ્યોરન્સ, ટ્રાન્સપોર્ટ, કોમ્યુનીકેશન વગેરે. તૃતિય કક્ષાનું ઉત્પાદનમાં બે પ્રકારની સેવાઓનો સમાવેશ થાય છે; વાણિજ્ય સેવાઓ અને સામાજિક સેવાઓ. વાણિજ્ય સેવાઓનો હેતુ નફાનો

– હોય છે અને તેની કિંમત પ્રમાણમાં વધુ હોય છે અને તે ખાનગી કંપની કે વ્યક્તિ દ્વારા પૂરી પાડવામાં આવે છે. જેમ કે, હોટેલ, ટુરીઝમ, કાર-મિકેનિક, મકાન-એજન્ટ વગેરે. જયારે સામાજિક સેવાઓ એ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. તેની કિંમત વ્યાજબી કે ઓછી હોય છે તેમાં નફાનો હેતુ નથી પરંતુ સામાજિક કલ્યાણનો હોય છે. જેમ કે, શિક્ષણ, મેડીકલ/હેલ્થ, કાયદો, વ્યવસ્થા, સંરક્ષણ વગેરે.

–

> ઉત્પાદનના સાધનો :

- ***જમીન:*** પૃથ્વી પરના તમામ કુદરતી સંસાધનોનો જમીનમાં સમાવેશ થાય છે. જેમ કે, પહાડો, જંગલ, સમુદ્ર, નદી, વાતાવરણ, પૃથ્વીનું પેટાળ વગેરે. તેને જમીન ‘free gifts of nature’ પણ કહે છે. જમીનના ઉપયોગ બદલ ચુકવવા પડતા વળતરને ભાડું કહે છે.
- ***શ્રમ:*** ઉત્પાદન પ્રક્રિયામાં માનવ-પ્રયત્ન કરવામાં આવે તેને શ્રમ કહે છે. દરેક શ્રમીકની કાર્યશક્તિ જુદી જુદી હોય છે. સામાજિક-માનસિક કારણો ગતિશીલતાને અસર કરે છે. શ્રમને ચુકવાતા વળતરને વેતન કહે છે.
- ***મૂડી:*** મૂડી એટલે એવી ભૌતિક વસ્તુઓ જે ઉત્પાદનમાં મદદરૂપ થાય છે. દા.ત. મશીન, યંત્ર. ટ્રેક્ટર, વગેરે. મૂડી એ ઉત્પાદનનું માનવસર્જિત સાધન છે. તે ઉત્પાદનનું સૌથી ગતિશીલ સાધન છે. તે અછત ધરાવતું સાધન છે. મૂડીનું વળતર એ વ્યાજ છે.
- ***નિયોજક:*** ઉત્પાદનનાં સાધનોનું સંયોજન કરનાર અને ધંધાનો માલિક એટલે નિયોજક. તે આર્થિક નિર્ણયો કરે છે. તે જોખમ ઉઠાવે છે. /નવપ્રવર્તન કરે છે. તેને મળતા વળતરને નફો કહે છે. નફો ધન, શૂન્ય તેમજ ઋણ (ખોટ) હોય શકે છે.

(D) માંગ અને પુરવઠો :

માંગ (Demand)

કોઈ એક ચોક્કસ સમય અને કિંમતે ગ્રાહકની વસ્તુ ખરીદવાની ઈચ્છા, શક્તિ અને તૈયારીને વસ્તુની માંગ કહે છે. વસ્તુની માંગ સમય, કિંમત, વસ્તુ ખરીદવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી એમ કુલ પાંચ પરિબળોને આધારે સર્જન પામે છે.

ચોક્કસ સમય દરમિયાન કોઈ એક વ્યક્તિ (ગ્રાહક) દ્વારા બજારમાં જુદી-જુદી કિંમતે થતી વસ્તુની માંગને “વ્યક્તિગત માંગ” કહે છે. જયારે બજારમાં તમામ વ્યક્તિઓ (ગ્રાહકો) દ્વારા જુદી-જુદી કિંમતે થતી વસ્તુની માંગના સરવાળાને “બજારમાંગ” કહે છે.

> વસ્તુની માંગને અસર કરતાં પરિબળો (Factors Affecting Demand/Determinants of Demand)

- **વસ્તુની કિમત :** કિંમત એ વસ્તુની માંગ પર સૌથી વધુ અસર કરનારું અને ખૂબ જ અગત્યનું પરિબળ છે. વસ્તુની કિંમત વધતાં માંગ ઘટે (સંકોચન પામે) છે અને કિંમત ઘટતા માંગ વધે (વિસ્તરણ પામે) છે આમ, વસ્તુની કિંમત અને વસ્તુની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ છે.
- **વ્યક્તિની અભિરુચી અને પસંદગી:** વ્યક્તિનો ગમો-અણગમો, શોખ, પસંદગી વગેરે વસ્તુની માંગમાં ફેરફાર લાવી શકે છે. જેથી કહી શકાય કે વસ્તુની માંગ એ વ્યક્તિની પસંદગી દર્શાવે છે.

- **વ્યક્તિની આવક :** વ્યક્તિની આવક અને વસ્તુની માંગ વચ્ચે સીધો સંબંધ છે. એટલેકે વ્યક્તિની આવક વધતાં, તે વ્યક્તિની વસ્તુ ખરીદવાની શક્તિ વધે છે અને વસ્તુની માંગ પણ વધે છે, જ્યારે વ્યક્તિની આવક ઘટતાં, વ્યક્તિની ખરીદશક્તિમાં થતો ઘટાડો વસ્તુની માંગ ઘટાડે છે.
- **અવેજી વસ્તુની કિંમત :** એક વસ્તુના સ્થાને બીજી વસ્તુ જરૂરિયાત સંતોષવા માટે વાપરી શકાતી હોય તો તેવી વસ્તુઓને અવેજી વસ્તુ કહે છે. આ પ્રકારની વસ્તુઓમાં હરીફાઈનું તત્વ તીવ્ર વધુ હોય છે. દા.ત., સમાન લાક્ષણિકતા ધરાવતા બે જુદી-જુદી કંપનીના ટી.વી., બાઈક, ફ્રિજ વગેરે. અહીં મૂળ વસ્તુની કિંમત ફેરફાર ન પામે અને તેની અવેજી વસ્તુની કિંમત ઘટે તો, અવેજી વસ્તુની માંગ વધે છે અને મૂળ વસ્તુની માંગ ઘટે છેઅને તેનાથી વિરુદ્ધ.
- **પૂરક વસ્તુની કિંમત :** પૂરક વસ્તુ એટલે જે-તે વસ્તુનો ઉપયોગ કરવા માટે જરૂરી એવી બીજી વસ્તુ. આવી વસ્તુઓ હંમેશાં એકબીજા સાથે જોડાયેલી હોય છે. એક વસ્તુના વપરાશ માટે બીજી વસ્તુ વાપરવી આવશ્યક હોય તો તેવી વસ્તુઓ એકબીજાની પૂરક વસ્તુ કહેવાય છે. દા.ત., કાર અને ટાયર મોબાઈલ અને સીમકાર્ડ, એ.સી. અને વીજળી, વગેરે. અહીં મૂળ વસ્તુની કિંમતમાં ફેરફાર ન થાય પણ, પૂરક વસ્તુની કિંમત વધે તો, પૂરક વસ્તુની માંગ ઘટતા મૂળ વસ્તુની માંગ પણ ઘટે છે અને તેનાથી વિરુદ્ધ.
- **ભવિષ્યની કિંમતો અંગેની અટકળો :** વ્યક્તિની ભવિષ્યમાં વસ્તુઓની કિંમત વિશેની અટકળો (અનુમાનો) વર્તમાન સમયની, વસ્તુની માંગમાં મોટા ફેરફારો લાવે છે. જો વ્યક્તિની ભવિષ્યમાં વસ્તુની કિંમતમાં વધારા અંગેની અટકળ હોય તો તે વર્તમાન સમયમાં વસ્તુની માંગ વધારે છે, જેથી તે વ્યક્તિ ભવિષ્યમાં બચત કરી શકે છે.
- **વસ્તી અને વસ્તીનું વયજૂથ :** દેશની વસ્તી (જનસંખ્યા) જેટલી હોય તેના પ્રમાણમાં જ વસ્તુઓની વપરાશ થતી હોય છે. વસ્તી વધે તો વસ્તુઓની માંગ પણ વધશે અને વસ્તી ઘટે તો વસ્તુઓની માંગ પણ ઘટશે. વસ્તીના વયજૂથ એટલે કે બાળક, યુવા-વર્ગ અને વૃદ્ધોની સંખ્યાના થતા ફેરફારો પણ વસ્તુની માંગમાં ફેરફારો લાવે છે.

પુરવઠો (Supply)

સામાન્ય રીતે ઉત્પાદન, પુરવઠા અને જથ્થા વચ્ચે આપણે કોઈ ભેદ જોતા નથી પણ અર્થશાસ્ત્રીઓ ઉત્પાદન, જથ્થા અને પુરવઠા વચ્ચે ચોક્કસ ભેદ પાડે છે.

- ઉત્પાદન : ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં વસ્તુઓ ઉત્પન્ન થાય તે ઉત્પાદન છે. ઉત્પાદન એ ઉત્પન્ન થયેલી વસ્તુઓનું પ્રમાણ દર્શાવે છે.
- પુરવઠો : ચોક્કસ સમયે અને કિંમતે ઉત્પાદક ઉત્પાદનનો જે ભાગ વેચવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી દર્શાવે તેને પુરવઠો કહે છે.
- જથ્થો : જથ્થો એટલે વસ્તુના કુલ વેચાણક્ષમ એકમોનું પ્રમાણ. પુરવઠાના અર્થને સમજવા માટે કેટલાક મુદા સમજવા જરૂરી બને છે.

> વેચવાની તૈયારી : કોઈ ઉત્પાદક કે વેપારી પાસે વસ્તુનો જથ્થો હોય તો તે પુરવઠો કહેવાતો નથી. દા.ત., જૂનાગઢની ઓઇલ મિલના વેપારી પાસે તેલના 500 ડબા હોય પણ હજુ તેલના ભાવ વધશે તે અપેક્ષાએ એક પણ ડબો વેચવા તૈયાર ન હોય તો ડબાનો પુરવઠો શૂન્ય ગણાય. પરંતુ જો વેપારી 500 ડબામાંથી 100 ડબા વર્તમાન ભાવે વેચવા તૈયાર હોય, તો 100 તેલના ડબાનો પુરવઠો ગણાય.

> વેચવાની ઈચ્છા : વસ્તુ વેચવાની શક્તિ અને તૈયારી હોવા સાથે ઉત્પાદક (વેચનાર)ની વસ્તુ વેચવાની ઈચ્છા પણ હોવી જોઈએ.

> ઉપર્યુક્ત બાબતના આધારે આપણે કહી શકીએ કે, "જુદી જુદી કિંમતોએ ચોક્કસ સમયગાળા દરમિયાન ઉત્પાદકો ઉત્પાદનનો જે ભાગ વેચવા માટે તૈયાર હોય તેને પુરવઠો કહેવાય.'

> પુરવઠાને અસર કરતાં પરિબળો (Factors Affecting Supply/Determinants of Supply)

- **વસ્તુની કિંમત :** કિંમત વધતા નફો વધે છે તેથી ઉત્પાદક/વેપારી વધુ પુરવઠો બજારમાં મુકે છે. તેનાથી વિરુદ્ધ કિંમત ઘટતા નફો ઘટે છે તેથી પુરવઠો પણ ઘટે છે.
- **અવેજી/પુરક વસ્તુની કિંમત :** કોઈ એક વસ્તુનો પુરવઠો તે જ વસ્તુની કિંમત ઉપરાંત પુરક વસ્તુ કે અવેજી વસ્તુની કિંમત દ્વારા પણ નક્કી થાય છે. દા.ત. ચોખાના ભાવ વધે તો ખેડૂત ઘઉંને બદલે ચોખાનું વાવેતર વધુ કરે તો ઘઉંનો પુરવઠો ઘટે અને ચોખાનો પુરવઠો વધે છે.
- **ઉત્પાદન ખર્ચ :** ઉત્પાદન કરવા માટેનું ખર્ચ વધે તો પુરવઠો ઘટે છે અને ઉત્પાદન ખર્ચ ઓછુ હોય તો પુરવઠો વધે છે. આમ, બન્ને વચ્ચે વ્યસ્ત સંબંધ છે. દા.ત. બજાર કિંમત કરતા ઉત્પાદન ખર્ચ વધી જાય તો ઉત્પાદક ઓછો પુરવઠો વેચવા માટે મુકે છે.
- **કુદરતી પરિબળો :** આબોહવા,વાતાવરણ, વગેરે બાબતો પુરવઠાને પ્રત્યક્ષ અસર કરે છે. દા.ત. સારું ચોમાસું થાય તો ખેત-ઉત્પાદનનો પુરવઠો વધે છે. અને જો દુષ્કાળ પડે તો ખેત-ઉત્પાદનનો પુરવઠો ઘટે છે. દા.ત. ખરીફ પાક માટે ઉનાળો અનુકુળ છે અને રવી પાક માટે શિયાળો અનુકુળ છે.
- **ટેકનોલૉજી :** ટેકનોલોજી એટલે કે નવી ઉત્પાદન પદ્ધત્તિને લીધે ઉત્પાદન ઝડપી બને છે પહેલા જેટલું જ ઉત્પાદન ઓછા ખર્ચે થાય છે. તેથી પુરવઠો વધે છે. દા.ત. ખેતીમાં નવી ટેકનોલોજીને લીધે ખેત-ઉત્પાદનનો પુરવઠો વધે છે.
- **વાહન-વ્યવહાર :** વાહન-વ્યવહારનો અભાવ પુરવઠામાં અવરોધ ઉભો કરે છે. જો વાહન-વ્યવહારની સુવિધાઓ વધે તો બજારમાં સરળતાથી પુરવઠો ઉપલબ્ધ થતા વધે છે તેનાથી વિરુદ્ધ વાહન-વ્યવહારની સુવિધાઓ ઓછી હોય તો બજારમાં સરળતાથી પુરવઠો ઉપલબ્ધ થતો નથી અને પુરવઠો ઘટે છે.
- **ઉત્પાદનનાં સાધનોની કિમત :** ઉત્પાદનમાં વપરાતા સાધનો જેમ કે, કાચો માલ, મશીનરી, શ્રમ વગેરેને ચૂકવવી પડતી કિંમત (વળતર)માં વધારો થાય તો ઉત્પાદન ખર્ચ વધે છે તેથી ઉત્પાદન ઘટતા પુરવઠો ઘટે છે. દા.ત. વેતન વધે કે કાચો માલ મોંઘો થાય તો ઉત્પાદન ઘટતા પુરવઠો ઘટે છે. તેનાથી વિરુદ્ધ ઉત્પાદનનાં વપરાતા સાધનોની કિમત ઘટે તો ઉત્પાદન ખર્ચ ઘટે છે તેથી ઉત્પાદન વધતા પુરવઠો વધે છે.
- **સરકારની નીતિ :** સરકારની વિવિધ નીતિઓ જેવી કે નાણાંકીય નીતિ, ઔદ્યોગિક નીતિ, કૃષિ નીતિ, કરવેરા નીતિ વગેરે પુરવઠાને અસર કરે છે. દા.ત. વસ્તુના પર કરવેરા વધે તો ઉત્પાદન ખર્ચ વધતા પુરવઠો ઘટે તેવું બને. અને જો વસ્તુના પર કરવેરા ઘટે તો ઉત્પાદન ખર્ચ ઘટતા પુરવઠો વધે તેવું બને. દા.ત. સરકાર ઉદ્યોગને સબસીડી આપે તો ઉત્પાદન વધે છે અને પુરવઠો વધે છે.
- **વસ્તીનું પ્રમાણ :** વસ્તીનું પ્રમાણ વધે તો ગ્રાહકોની સંખ્યા વધતા પુરવઠો વધે છે. અને વસ્તીનું પ્રમાણ ઘટતા ગ્રાહકોની સંખ્યા ઘટે છે તેથી પુરવઠો ઘટે છે.
- **ફેશન,ટેવ, રૂચી :** ગ્રાહકોમાં જે ફેશન, રૂચી, ટેવ વધુ જોવા મળે તે મુજબની ચીજ-વસ્તુઓનો પુરવઠો બજારમાં વધે છે. તેનાથી વિરુદ્ધ ગ્રાહકોમાં જે ફેશન, રૂચી, ટેવનું ચલણ ણ હોય તેવઈ ચીજ-વસ્તુઓનો પુરવઠો બજારમાં ઘટે છે.

2.3 જમીન, શ્રમ, મૂડી અને નિયોજક (ઉત્પાદનનાં સાધનો)

ઉત્પાદનના મુખ્ય ચાર સાધનો છે- જમીન, મૂડી, શ્રમ, નિયોજક. રાષ્ટ્રના કુલ વાર્ષિક ઉત્પાદનનો આધાર આ ચાર ઉત્પાદનનાં સાધનો પર છે. ઉત્પાદન-પ્રક્રિયામાં ચારેય સાધનનું મહત્ત્વ સરખું છે. વહેંચણીની ન્યાયી પ્રક્રિયા ઉત્પાદનનાં ચારેય સાધનોને ઉત્પાદનમાં તેમણે આપેલા ફાળા મુજબ વળતર આપે છે. માર્શલ જણાવે છે કે, ઉત્પાદનના મૂળ તો બે જ સાધન છે : કુદરત અને માણસ.

ઉત્પાદનનાં સાધનો :

> ભૂમિ (જમીન) :

સામાન્ય વ્યવહારમાં જમીન એટલે પૃથ્વીની ઉપરની સપાટી જેના પર માણસ વસવાટ કરે છે. પણ અર્થશાસ્ત્રમાં જમીનનો વિસ્તૃત અર્થ છે. પ્રો. માર્શલના મતે મનુષ્યને ઉત્પાદનમાં મદદરૂપ થતાં કુદરતી પરિબળો જમીન છે,

એટલે કે હવા, પાણી, સૂર્યપ્રકાશ, આબોહવાનો સમૂહ એટલે જમીન. ઉત્પાદનમાં મદદરૂપ ખનીજ, ખાણ, પર્વત, નદી, તમામનો સમાવેશ જમીનમાં થાય છે.

જમીનનાં લક્ષણો :

- જમીન કુદરતી બક્ષિસ છે. (તે માનવસર્જન નથી.)
- જમીનનો કુલ પુરવઠો સ્થિર છે.
- જમીન અગતિશીલ છે.
- તેની ફળદ્રુપતા જુદી જુદી હોય છે.
- ભૂમિને મળતા વળતરને ભાડું કહે છે.

> **શ્રમ :** અન્ય વ્યક્તિની દેખરેખ હેઠળ વળતરની અપેક્ષા સાથે થતું માનસિક કે શારીરિક કાર્ય તે શ્રમ છે અને તે કરનાર શ્રમિક છે. ઉત્પાદનના અગત્યના સાધન તરીકે શ્રમનાં લક્ષણો :

- શ્રમ અને શ્રમિક અવિભાજ્ય છે.
- શ્રમ નાશવંત છે. (સંગ્રહ થઈ શકતો નથી.)
- સામાજિક-માનસિક કારણો ગતિશીલતાને અસર કરે છે.
- દરેક શ્રમિકની કાર્યક્ષમતા જુદી હોય છે.
- શ્રમના પુરવઠાનો આધાર વસ્તીના પ્રમાણ પર રહે છે.
- શ્રમને ચુકવાતા વળતરને વેતન કહે છે.

> **મૂડી :** આધુનિક ઉત્પાદન-પ્રક્રિયામાં અગત્યનું સાધન મૂડી છે. શ્રમ અને જમીન એ કુદરતનું સર્જન છે જ્યારે મૂડી માનવસર્જિત ઉત્પાદનનું સાધન છે. મૂડી એ એવી ભૌતિક વસ્તુઓ છે જે ઉત્પાદનમાં મદદરૂપ થાય છે.

મૂડીને ઉત્પાદનનું ઉત્પાદિત સાધન માનવામાં આવે છે કારણ કે મૂડી એ એવી ભૌતિક વસ્તુ છે જેનું ઉત્પાદન થયું છે અને હવે તે ઉત્પાદનમાં મદદ કરે છે. દા.ત., ટ્રેક્ટરનું ઉત્પાદન થયું છે અને હવે તે ખેતીના ઉત્પાદનમાં કામ કરે છે. મૂડી અને સંપત્તિ વચ્ચે પણ તફાવત છે કારણ સંપત્તિ પણ ભૌતિક હોય છે. પણ બધી સંપત્તિ ઉત્પાદન-પ્રક્રિયામાં સામેલ થતી નથી.

મૂડીનાં લક્ષણો :

- મૂડી એ ઉત્પાદનનું માનવસર્જિત સાધન છે.
- તે ઉત્પાદનનું સૌથી ગતિશીલ સાધન છે.
- તે અછત ધરાવતું સાધન છે.
- મૂડીનું વળતર તે વ્યાજ છે.

> **નિયોજકઃ** ઉત્પાદનનાં સાધનોનું સંયોજન કરનાર નિયોજક છે. જોકે વ્યવસ્થાપક અને નિયોજક વચ્ચે તફાવત છે. વ્યવસ્થાપક (Manager) વેતન પ્રાપ્ત કર્મચારી છે જે સાધનની વ્યવસ્થા કરે છે. નિયોજક સ્વતંત્રપણે જોખમ ઊઠાવે છે. તેનું વળતર નિશ્ચિત નથી. જમીન, મૂડી, શ્રમના સંયોજન દ્વારા ઉત્પાદન-પ્રક્રિયા યોજીને તે આવક મેળવવાનો પ્રયત્ન કરે છે. નિયોજક ઉત્પાદનના ત્રણેય સાધનને નિશ્ચિત વળતર આપે છે અને તેનું જ વળતર નિશ્ચિત નથી.

નિયોજકનાં લક્ષણો :

- તે આર્થિક નિર્ણયો કરે છે.
- તે જોખમ ઉઠાવે છે. /નવપ્રવર્તન કરે છે.
- નિયોજન શક્તિ એ ગુણ છે.
- તેને મળતા વળતરને નફો કહે છે.

યુનિટ-૩ (માંગ અને પુરવઠાનું વિશ્લેષણ)

3.1 કુલ તુષ્ટિગુણ અને સીમાંત તુષ્ટિગુણના ખ્યાલો

ઓગણીસમી સદી (૧૮૭૦)માં જેવન્સ, કાર્લ મેન્જર અને લિયોન વોલરાસ જેવા પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ ગ્રાહકના વર્તનને સમજાવવા માટે તુષ્ટિગુણનો ખ્યાલ રજૂ કર્યો. તેના આધારે પ્રો. આલ્ફ્રેડ માર્શલે ગ્રાહકના વર્તનની વૈજ્ઞાનિક સમજૂતી આપવા માટે તુષ્ટિગુણ વિશ્લેષણની પદ્ધતિ રજૂ કરી અર્થશાસ્ત્રના વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો. ગ્રાહકો જરૂરિયાતો સંતોષવા માટે વસ્તુઓ અને સેવાઓની માંગ કરતા હોય છે. વસ્તુઓ અને સેવાઓની ખરીદી કરી તેમાંથી મળતાં તુષ્ટિગુણ દ્વારા ગ્રાહકો પોતાની જરૂરિયાતો સંતોષતા હોય છે. આમ, વસ્તુઓ અને સેવાઓની માંગ ઉદભવવાનું કારણ તુષ્ટિગુણ છે. એકમલક્ષી અર્થશાસ્ત્રમાં તુષ્ટિગુણ વિશ્લેષણમાં કુલ તુષ્ટિગુણ, સીમાંત તુષ્ટિગુણ, ગ્રાહકની સમતુલા વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

તુષ્ટિગુણનો અર્થ/ખ્યાલ :

તુષ્ટિગુણ = તુષ્ટિ (સંતોષ) + ગુણ (લક્ષણ) વસ્તુ કે સેવામાં રહેલ સંતોષ આપવાના ગુણને તુષ્ટિગુણ (Utility) કહી શકાય. હેન્સન જણાવે છે કે તુષ્ટિગુણ એટલે વ્યક્તિને વસ્તુ કે સેવા દ્વારા મળતાં સંતોષનું પ્રમાણ. માનવીની આર્થિક પ્રવૃત્તિનું અંતિમ ધ્યેય વસ્તુની વપરાશ દ્વારા સંતોષ પ્રાપ્ત કરવાનું છે. વસ્તુની વપરાશમાં આપણે સંતોષ અનુભવીએ છીએ. તેથી એમ પણ કહી શકાય કે વસ્તુમાં જરૂરિયાતને સંતોષવાનો જે ગુણ રહેલો છે તેને તુષ્ટિગુણ કહેવાય. અનાજ, કપડાં, મકાન જેવી વસ્તુઓ અને શિક્ષક, ડૉક્ટર, વકીલની સેવાઓ માનવીની જરૂરિયાતો સંતોષે છે. તેથી તે બધામાં તુષ્ટિગુણ રહેલો છે તેમ કહેવાય.

કુલ તુષ્ટિગુણ અને સીમાંત તુષ્ટિગુણ

– **કુલ તુષ્ટિગુણ (TU) :** કોઈ એક સમયે અમુક વસ્તુના જુદાં જુદાં એકમોમાંથી ગ્રાહકે મેળવેલા તુષ્ટિગુણનો સરવાળો એટલે કુલ તુષ્ટિગુણ. ધારો કે ગ્રાહકને વસ્તુના પહેલા એકમમાંથી ૫ તુષ્ટિગુણ, બીજા એકમમાંથી ૪ એકમ તુષ્ટિગુણ અને ત્રીજા એકમમાંથી ૩ એકમ તુષ્ટિગુણ મળે છે, તો અહીં કુલ તુષ્ટિગુણ ૧૨ એકમ (૫+૪+૩) થાય. આ દષ્ટાંતમાં વસ્તુનો કુલ જથ્થો ૩ એકમો છે અને તેમાંથી ગ્રાહકને ૧૨ એકમ તષ્ટિગણ મળે છે જે કુલ તુષ્ટિગુણ કહેવાય. આમ, અમુક વસ્તુના કુલ જથ્થામાંથી ગ્રાહકને મળતા તુષ્ટિગુણને કુલ તુષ્ટિગુણ કહી શકાય.

– **સીમાંત તુષ્ટિગુણ (MU) :** સીમાંત તુષ્ટિગુણ એટલે વસ્તુના જથ્થામાં એક એકમનો વધારો કે ઘટાડો કરવાથી કુલ તુષ્ટિગુણમાં થતો ફેરફાર. ધારો કે ગ્રાહક પાસે વસ્તુના ૨ એકમો છે ત્યારે તેને ૫ એકમ જેટલો કુલ તુષ્ટિગુણ મળે છે. હવે વસ્તુનું ત્રીજું એકમ એટલે એક વધારાનું એકમ ગ્રાહકને મળે તો કુલ તુષ્ટિગુણ ૧૦ એકમ થાય છે. તો અહીં ત્રીજા એકમનો સીમાંત તુષ્ટિગુણ ૫ એકમ (૧૦-૫) છે તેમ કહેવાય. ત્રીજું એકમ એ સીમાંત એકમ કહેવાય. આમ, વસ્તુનું છેલ્લું એકમ સીમાંત એકમ કહેવાય.

તુષ્ટિગુણના ખ્યાલની અનુસૂચિ દ્વારા સમજુતી

વસ્તુનાં એકમો	કુલ તુષ્ટિગુણ (TU)	સીમાંત તુષ્ટિગુણ (MU) (એકમમાં)
0	0	0
1	4	4
2	7	3
3	9	2
4	10	1
5	10	0
6	9	-1

- જેમ જેમ વસ્તુના વધુ ને વધુ એકમોનો વપરાશ કરવામાં આવે તેમ તેમ કુલ તુષ્ટિગુણમાં વધારો થાય છે. જેમ કે વસ્તુના 1 એકમના વપરાશથી 4 એકમ, તો 2 એકમના વપરાશમાંથી 7 એકમ કુલ તુષ્ટિગુણ મળે છે.
- કુલ તુષ્ટિગુણમાં થતો વધારો ઘટતા જતા દરે થાય છે. જેમ કે બીજા એકમના વપરાશથી 3 એકમ, તો ત્રીજા એકમના વપરાશથી 2 એકમ જેટલો કુલ તુષ્ટિગુણ વધ્યો.
- કુલ તુષ્ટિગુણ હંમેશાં ધન હોય છે, ઋણ હોતો નથી. કારણ કે ગ્રાહકનો હેતુ મહત્તમ સંતોષ મેળવવાનો હોય છે. તેથી વધારાના જે એકમે કુલ તુષ્ટિગુણ વધતો અટકી જાય ત્યાં ગ્રાહક વસ્તુનો વપરાશ અટકાવી દે છે.
- જેમ જેમ વસ્તુના વધુ ને વધુ એકમોનો વપરાશ કરવામાં આવે છે તેમ તેમ સીમાંત તુષ્ટિગુણ ઘટતો જાય છે. જેમ કે વસ્તુને પહેલા એકમના વપરાશથી 4 એકમ, તો બીજા એકમના વપરાશથી 3 એકમ સીમાંત તુષ્ટિગુણ મળે છે.
- વસ્તુના પાંચમાં એકમે સીમાંત તુષ્ટિગુણ શૂન્ય થઈ જાય છે. એટલે કે પાંચમાં એકમમાંથી કોઈ તુષ્ટિગુણ પ્રાપ્ત થતો નથી.
- વસ્તુના છઠ્ઠા એકમનો વપરાશ કરવામાં આવે તો સીમાંત તુષ્ટિગુણ ઋણ થઈ જાય છે. આ સ્થિતિએ પહોંચતાં પહેલાં જ ગ્રાહક વસ્તુના વધુ એકમોનો વપરાશ અટકાવી દે છે.

કુલ અને સીમાંત તુષ્ટિગુણ વચ્ચેના આંતરસંબંધોઃ

- જયારે કોઈ એક વસ્તુના વધુ ને વધુ એકમોનો વપરાશ કરવામાં આવે છે ત્યારે કુલ તુષ્ટિગુણમાં વધારો થાય છે, પરંતુ સીમાંત તુષ્ટિગુણ ઘટે છે.
- કુલ તુષ્ટિગુણમાં થતો વધારો ઘટતા જતા દરે થાય છે. કુલ તુષ્ટિગુણમાં થતા વધારાનો દર સીમાંત તુષ્ટિગુણ દ્વારા નક્કી થાય છે.
- જયારે કુલ તુષ્ટિગુણ નથી વધતો કે નથી ઘટતો ત્યારે સીમાંત તુષ્ટિગુણ શૂન્ય થાય છે. એમ પણ કહી શકાય કે સીમાંત તુષ્ટિગુણ શૂન્ય થાય ત્યારે કુલ તુષ્ટિગુણ મહત્તમ હોય છે.
- જયારે સીમાંત તુષ્ટિગુણ ઋણ બને છે ત્યારે કુલ તુષ્ટિગુણ ઘટવા માંડે છે.

તુષ્ટિગુણ વિશ્લેષણની ધારણાઓ :

- **માનવી (ગ્રાહક) બુદ્ધિપૂર્વક વર્તે છે :** ગ્રાહક હંમેશાં એવી રીતે વર્તે છે કે જેથી તેને મહત્તમ સંતોષ મળે. આથી જ ગ્રાહક મહત્તમ સંતોષ મળે તે રીતે ખરીદી કરે છે તેવી માંગ વિશ્લેષણમાં ધારણા કરવામાં આવતી હોય છે.
- **તુષ્ટિગુણ સંખ્યાત્મક રીતે માપી શકાય છે :** વસ્તુમાંથી કેટલો તુષ્ટિગુણ મળશે તે જાણી શકાય છે. તુષ્ટિગણને સંખ્યાત્મક તે વ્યક્ત કરી શકાય છે. જેમ કે ૧ એકમ તુષ્ટિગુણ, ૨ એકમ તુષ્ટિગુણ વગેરે.
- **સીમાંત તુષ્ટિગુણ ઘટતો જાય છે :** વ્યક્તિ પાસે જેમ જેમ કોઈ એક વસ્તુનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ તેમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ ઉત્તરોત્તર ઘટતો જાય છે. સીમાંત તુષ્ટિગુણ ઘટતો જાય છે અને છેવટે શુન્ય બની જાય છે, ત્યાર બાદ એ ઋણ પણ બને.
- **તુષ્ટિગુણ નાણાં દ્વારા માપી શકાય છે :** વસ્તુ માટે નાણાં ચૂકવવાની તૈયારીને આધારે તેમાંથી કેટલો તુષ્ટિગુણ મળતો હશે તે જાણી શકાય. આમ, નાણાંના માપદંડ દ્વારા તુષ્ટિગુણનું માપ કાઢી શકાય એવું ધારવામાં આવે છે.
- **નાણાંનો સીમાંત તુષ્ટિગુણ સ્થિર છે :** માર્શલ એવું માને છે કે નાણે જુદા જુદા પ્રકારની અનેક વસ્તુઓની ખરીદીમાં ઉપયોગમાં આવતું હોવાથી તેનો સીમાંત તુષ્ટિગુણ મોટા ભાગે સ્થિર રહે છે. તેથી ગ્રાહકના વર્તનના વિશ્લેષણમાં નાણાંનો સીમાંત તુષ્ટિગુણ સ્થિર રહે છે તેવી ધારણા કરવામાં આવે છે.
- **કોઈ એક વસ્તુની માંગ અન્ય વસ્તુઓની માંગથી સ્વતંત્ર હોય છે :** કોઈ પણ વસ્તુની માંગ અન્ય વસ્તુઓની માંગથી સ્વતંત્ર છે. એટલે કે એક વસ્તુમાંથી મળતો તુષ્ટિગુણ તે જ વસ્તુના પ્રમાણ પર આધાર રાખે છે અન્ય પૂરક અને અવેજી વસ્તુમાંથી મળતા તુષ્ટિગુણને ધ્યાને લેવામાં આવતો નથી.

– **વસ્તુ વિભાજનક્ષમ છે :** વસ્તુનું નાનાં નાનાં એકમોમાં વિભાજન થઈ શકે છે. જેમ કે, બોલપેન, પેન્સિલ, બિસ્કીટ, કોલ્ડ્રીંક્સ વગેરે વસ્તુઓ વિભાજનક્ષમ કહેવાય. આપણે તે વસ્તુઓ વધારે કે થોડા એમ ગમે તેટલા પ્રમાણમાં ખરીદી શકીએ છીએ.
– **અન્ય પરિબળો સ્થિર રહે છે :** માંગ પર અસર કરતાં અન્ય પરિબળો જેવાં કે વસ્તી, આવક, રુચિ, ફેશન, ટેવ, સરકારની નીતિ વગેરે સ્થિર રહે છે તેમાં વધ-ઘટ થતી નથી.

3.2 ઘટતા સીમાંત તુષ્ટિગુણનો નિયમ

એક ચોક્કસ સમયે કોઈ એક વસ્તુના એક પછી એક એકમોનો વપરાશ કરવામાં આવે તો તેમાંથી મળતો સંતોષ ઉત્તરોત્તર ઘટતો જાય છે. પાણીનો પ્રથમ પ્યાલો પીતાં આપણને જેટલો સંતોષ મળે તેટલો સંતોષ બીજા પ્યાલામાંથી નથી મળતો. આનું કારણ એ છે કે જેમ જેમ વ્યક્તિ કોઈ એક વસ્તુના વધુ ને વધુ એકમોનો વપરાશ કરે છે તેમ તેમ તેની જરૂરિયાત સંતોષાતી જતી હોવાથી દરેક વધારાના એકમમાંથી મળતો તુષ્ટિગુણ ઘટતો જાય છે. આ પ્રકારના માનસિક અનુભવને સૌ પ્રથમ ફ્રેંચ ઇજનેર એચ. એચ. ગોસેન દ્વારા 1854માં નિયમના રૂપમાં રજૂ કરવામાં આવેલ છે જેને ઘટતા સીમાંત તુષ્ટિગુણના નિયમ તરીકે ઓળખવામાં આવે છે.

નિયમની વ્યાખ્યા :

એચ. એચ. ગોસેન : કોઈ એક વસ્તુના વપરાશમાં જેમ જેમ વધારો કરતા જઈએ તેમ તેમ સંપૂર્ણ તૃપ્તિ ન થાય ત્યાં સુધી તેમાંથી મળતો સંતોષ ઘટતો જાય છે.

આલ્ફ્રેડ માર્શલ : કોઈ પણ વસ્તુના જથ્થામાં દરેક વધારાના એકમ દ્વારા વ્યક્તિને જે વધારાનો સંતોષ પ્રાપ્ત થાય છે, તે સંતોષ એ જથ્થામાં થતા પ્રત્યેક વધારા સામે ઘટતો જાય છે.

કે. ઈ. બોલ્ડિંગ: બીજી બધી વસ્તુઓનો વપરાશ સ્થિર રાખીને, ગ્રાહક જ્યારે કોઈ એક વસ્તુનો વપરાશ વધારે છે ત્યારે તેમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ આખરે ઘટશે જ.

નિયમની ધારણાઓ :

– **વસ્તુનાં એકમો યોગ્ય કદનાં :** વપરાશમાં લેવામાં આવતી વસ્તુના એકમો યોગ્ય કદનાં કે માપનાં હોવાં જોઈએ. અતિ નાના કદના કે અતિ મોટા કદના એકમો હોવા ન જોઈએ.
– **વસ્તુના એકમો સમાનગુણી:** વપરાશમાં લેવામાં આવતી વસ્તુના એકમો સમાન ગુણવત્તાવાળી (કલર, ટેસ્ટ, સાઈઝ, ડીઝાઇન વગેરે એક સમાન હોવા જોઈએ.
– **વસ્તુ સામાન્ય પ્રકારની :** ગ્રાહક દ્વારા વપરાશ કરાતી વસ્તુઓ સામાન્ય વપરાશની વસ્તુઓ છે. હીરા, મોતી, પ્રાચીન સિક્કાઓ, ટિકિટો, કલાકારીગરીના નમૂના વગેરે જેવી અસામાન્ય વસ્તુઓને નથી
– **વસ્તુ વિભાજ્ય :** વસ્તુનું નાના નાના એકમોમાં વિભાજન થઈ શકવું જોઈએ. દૂધ, ખાંડ, કોફી વગેરે વસ્તુ વિભાજ્ય છે.
– **વસ્તુનાં એકમોની કિંમત સ્થિર :** વસ્તુમાં જુદા જુદા એકમોની કિંમત એકસરખી હોવી જોઈએ. તેમજ વપરાશમાં લેવામાં આવતી વસ્તુની અવેજી વસ્તુની કિંમત પણ બદલાવી ન જોઈએ.
– **એક જ સમયે વપરાશ :** વસ્તુનો વપરાશ એક જ સમયે સતત રીતે થવો જોઈએ. એટલે કે વસ્તુનાં એકમોના વપરાશ વચ્ચે સમયગાળો ન રહેવો જોઈએ.
– **અન્ય પરિબળો સ્થિર :** અન્ય પરિબળો જેવાં કે ગ્રાહકની આવક, ફેશન, રુચિ, ટેવ વગેરે સ્થિર રહે છે. તેમાં ફેરફાર થતો નથી.
– **ગ્રાહકનું વર્તન તર્કબદ્ધ :** ગ્રાહકનું વર્તન તર્કસંગત જોવા મળે છે. એટલે કે ગ્રાહકની માનસિક સ્થિતિ યથાવત રહેવી જોઈએ તેમાં ફેરફાર ન થવો જોઈએ.

અનુસૂચી દ્વારા નિયમની સમજુતી :

વસ્તુનાં એકમો	કુલ તુષ્ટિગુણ (TU)(એકમમાં)	સીમાંત તુષ્ટિગુણ (MU)(એકમમાં)
0	0	0
1	4	4
2	7	3
3	9	2
4	10	1
5	10	0
6	9	-1

- જેમ જેમ વસ્તુના વધુ ને વધુ એકમોનો વપરાશ કરવામાં આવે છે તેમ તેમ સીમાંત તુષ્ટિગુણ ઘટતો જાય છે. જેમ કે વસ્તુને પહેલા એકમના વપરાશથી 4 એકમ, બીજા એકમના વપરાશથી 3 એકમ, ત્રીજા એકમની વપરાશમાંથી 2 એકમ સીમાંત તુષ્ટિગુણ મળે છે.
- વસ્તુના પાંચમાં એકમે સીમાંત તુષ્ટિગુણ શૂન્ય થઈ જાય છે. એટલે કે પાંચમાં એકમમાંથી કોઈ વધારાનો તુષ્ટિગુણ પ્રાપ્ત થતો નથી. આનો મતલબ એ છે કે, ગ્રાહકની આ વસ્તુની જરૂરિયાત સંપૂર્ણપણે સંતોષાય ગઈ છે.
- વસ્તુના છઠ્ઠા એકમનો વપરાશ કરવામાં આવે તો સીમાંત તુષ્ટિગુણ ઋણ -1થઈ જાય છે. જે નકારાત્મક તુષ્ટિગુણ/અસંતોષ દર્શાવે છે.
- છઠ્ઠા એકમનો વપરાશ ગ્રાહકને બિનતુષ્ટિગુણ (disutility) કે અસંતોષ આપે છે. વસ્તુ વધુ પડતા વપરાશને કારણે આમ બને છે.
- વસ્તુનાં એકમો ઘટતા જાય તેમ તેમ સીમાંત તુષ્ટિગુણમાં વધારો થતો જાય છે. આનો અર્થ એ થાય કે ગ્રાહકે વસ્તુમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ વધારવો હોય તો તેણે તેની ખરીદીમાં ઘટાડો કરવો જોઈએ.

આકૃતિ દ્વારા સમજુતી



- આકૃતિમાં OX ધરી પર વસ્તુના એકમો અને OY ધરી પર સીમાંત તુષ્ટિગુણ (એકમોમાં) દર્શાવેલ છે.
- MU રેખા સીમાંત તુષ્ટિગુણની રેખા છે.
- MU સીમાંત તુષ્ટિગુણ રેખાનો ઢાળ ઋણ (ડાબી બાજુ ઉપરથી જમણી બાજુ નીચેની તરફ) છે જે એવું દર્શાવે છે કે વસ્તુના જથ્થા અને સીમાંત તુષ્ટિગુણ વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

– સીમાંત તુષ્ટિગુણ રેખા પાંચમા એકમે OX ધરીને સ્પર્શે છે જે એમ દર્શાવે છે કે પાંચમા એકમની વપરાશે સીમાંત તુષ્ટિગુણ શૂન્ય થાય છે.
– જો પાંચમાં એકમ પછી પણ એક વધુ એટલે કે છઠ્ઠા એકમની વપરાશ કરવામાં આવે તો, તુષ્ટિગુણ ઋણ -1 થઈ જાય છે. જે નકારાત્મક તુષ્ટિગુણ/અસંતોષ દર્શાવે છે. જો કે, આ સ્થિતિએ પહોંચતાં પહેલા જ ગ્રાહક વસ્તુનો વપરાશ અટકાવી દે છે.

સીમાંત તુષ્ટિગુણ શા માટે ઘટે છે ?

– **અમુક જરૂરિયાત કોઈ એક સમયે સંતોષી શકાય છે :** માનવીની બધી જરૂરિયાતો કોઈ એક સમયે એકીસાથે સંતોષી શકાતી નથી, પરંતુ કોઈ એક જરૂરિયાત અવશ્ય સંતોષી શકાય છે. દા. ત., પાણીની જરૂરિયાત, વ્યક્તિ જેમ જેમ વધુ ને વધુ પાણી પીવે તો, તેમાંથી મળતો તુષ્ટિગુણ ઘટતો જશે. એક સમય એવો આવશે કે તેના વધારાના પાણીમાંથી શૂન્ય તુષ્ટિગુણ મળશે. વધારાનું પાણી પીવાથી તેના કુલ તુષ્ટિગુણમાં બિલકુલ વધારો થશે નહિ. આનો અર્થ એ થયો કે વ્યક્તિની પાણીની જરૂરિયાત સંપૂર્ણ રીતે સંતોષાઈ ગઈ છે.
– **વસ્તુઓ એકબીજાની સંપૂર્ણ અવેજી હોતી નથી :** કોઈ એક વસ્તુ અન્ય વસ્તની સંપૂર્ણ અવેજી બની શકતી નથી. વસ્તુઓ એકબીજાની અપૂર્ણ અવેજી હોય છે. જો વસ્તુઓ એકબીજાની સંપૂર્ણ અવેજીમાં આવી શકતી હોત તો ઘટતા સીમાંત તુષ્ટિગુણનો નિયમ અમલમાં આવત નહિ. દા.ત., બ્રેડ અને બટર. તે બંને એકબીજાની સંપૂર્ણ અવેજી નથી. આ બંને વસ્તુઓનો અમુક ચોક્કસ પ્રમાણમાં વપરાશ કરવામાં આવે તો જ વ્યક્તિનો સંતોષ મહત્તમ કક્ષાએ પહોંચી શકે. જો તે પ્રમાણ જળવાય નહિ તો વ્યક્તિને મહત્તમ સંતોષ મળશે નહિ. જો વ્યક્તિ બ્રેડ અથવા બટર એ બેમાંથી કોઈ એકનું પ્રમાણ ઉત્તરોત્તર વધારે તો તેમાંથી મળતો તુષ્ટિગુણ ક્રમશઃ ઘટતો જશે.

નિયમના અપવાદો :

– **કેફી પદાર્થોનો ઉપભોગઃ** નશો કરનાર જેમ જેમ વધુ ને વધુ કેફી પદાર્થ લે છે તેમ તેમ તેને નશા માટેની ઈચ્છા વધતી જાય છે. આમ, કેફી/નશાકારક પદાર્થોની વપરાશમાં સીમાંત તુષ્ટિગુણ ઘટવાના બદલે વધે છે.
– **કંજૂસ માણસનું વર્તન :** કંજૂસ માણસ જેમ જેમ વધુ ને વધુ ધન એકઠું કરતો જાય છે તેમ તેમ તેની ધન એકઠું કરવાની ઇચ્છા વધતી જ જાય છે. તેથી એમ કહેવાય છે કે કંજૂસ માણસનું વર્તન એ ઘટતા સીમાંત તુષ્ટિગુણના નિયમનો અપવાદ છે.
– **પ્રાચીન વસ્તુનો સંગ્રહ:** પ્રાચીન વસ્તુઓ જેવી પોસ્ટની જૂની ટિકિટો, જૂના ચલણી સિક્કાઓ, પ્રાચીન મૂર્તિઓ વગેરેનો સંગ્રહ આ નિયમનો અપવાદ ગણાય છે, કારણ કે આવી વસ્તુઓનો સંગ્રહ જેમ જેમ વધતો જાય તેમ તેમ તે વસ્તુઓ મેળવવાની વ્યક્તિની ઇચ્છા અધિક તીવ્ર થતી જાય છે. એટલે કે વસ્તુમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ ઘટવાના બદલે વધતો જાય છે.
– **જ્ઞાન-પિપાસા :** વ્યક્તિ જેમ જેમ વધુ જ્ઞાન મેળવતી જાય તેમ તેમ તેની જ્ઞાનપિપાસા (જ્ઞાન મેળવવાની ઇચ્છા) વધુ તીવ્ર બને છે. પરિણામે તે વધુ ને વધુ જ્ઞાન મેળવવા માટે પ્રયત્ન કરે છે.

જો કે, ઉપર આપેલા ઘટતા સીમાંત તુષ્ટિગુણના નિયમના અપવાદો વાસ્તવમાં સાચા અપવાદો નથી, કરણ કે, ઉપરોક્ત અપવાદોમાં નશો કરનાર વ્યક્તિ અને કંજૂસ માણસની માનસિક સ્થિતિ બદલાઈ જાય છે. તેઓ બુદ્ધિપૂર્વક વર્તતા નથી. દુર્લભ અને પ્રાચીન સતુઓના સંગ્રહમાં જે વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવે છે તે રૂપ, રંગ, આકાર, ગુણવત્તા વગેરેમાં સમાન હોતી નથી. જ્ઞાન-પિપાસામાં પણ વ્યક્તિની માનસિક સ્થિતિ બદલાઈ જવા પામે છે. વ્યક્તિ જેમ જેમ વધુ ને વધુ જ્ઞાન મેળવતી જાય છે તેમ તે વધુ જ્ઞાની બને છે.

નિયમની ટીકા/મર્યાદા

– તુષ્ટિગુણ માપી શકાય નહી. જેમ, વજન ગ્રામ કે કી.ગ્રા.માં અંતર સે.મી. કે કી.મી. માં માપવામાં આવે છે તેમ તુષ્ટિગુણ સંખ્યાત્મક રીતે એકમોમાં માપી શકાય નહી. તુષ્ટિગુણ આત્મલક્ષી અને મનોવૈજ્ઞાનિક બાબત છે.

– આ નિયમમાં વસ્તુનાં એકમોના કદ, ગુણવત્તા, કિંમત, ગ્રાહકની માનસિક સ્થિતિ, વપરાશનું સાતત્ય, અન્ય પરિબળોની યથાવત્ સ્થિતિ વગેરે સંબંધી અવાસ્તવિક ધારણાઓ રહેલી છે.
– નાણાંનો સીમાંત તુષ્ટિગુણ સ્થિર રહે છે. એ અવાસ્તવિક ધારણા છે.
– ટકાઉ વપરાશી વસ્તુઓ જેવી કે ટી.વી., સ્કૂટર, મકાન વગેરે કોઈ એક સમયે સામાન્ય રીતે એક એકમમાં ખરીદાય છે, જેમાં આ સિદ્ધાંત લાગુ પડતો નથી.

નિયમનું મહત્વ

– કોઈ એક વસ્તુના વપરાશ અને ખરીદી બાબતમાં બુદ્ધિપૂર્વક વર્તનાર ગ્રાહકના વર્તનને આ નિયમ યોગ્ય રીતે સમજાવે છે. તે ગ્રાહકની સમતુલાની શરતો તારવવામાં મદદરૂપ થાય છે.
– દરેક પ્રકારની વસ્તુ અને સેવાના વપરાશમાં ઘટતો જતો તુષ્ટિગુણ એ એક સનાતન અને સાર્વત્રિક સત્ય છે. જો તેમ ન હોત તો કોઈ એક સમયે અમુક જરૂરિયાત સંપૂર્ણ રીતે સંતોષી શકાત નહિ.
– ઘટતા સીમાંત તુષ્ટિગુણના નિયમ દ્વારા મૂલ્યોનો વિરોધાભાસ સમજાવી શકાય.
– આ નિયમ કરવેરા અને જાહેર ખર્ચની નીતિ ઘડવામાં માર્ગદર્શનરૂપ બને છે.
– વસ્તુની કિંમત ઘટાડી વેચાણ વધારવા અંગેની નીતિ ઘડવામાં ઉત્પાદકોને માર્ગદર્શક બને છે,
– માંગ રેખાનો ઢાળ શા માટે ઋણ હોય છે તેની સમજૂતી આ નિયમ દ્વારા આપી શકાય છે.

3.3 માંગનો નિયમ

માંગનો નિયમ : આ નિયમ પ્રો. આલ્ફ્રેડ માર્શલે રજૂ કર્યો છે. “ જો અન્ય પરિબળો યથાવત્ રહે તો વસ્તુની કિંમત ઘટતાં વસ્તુની માંગનું વિસ્તરણ થાય છે અને વસ્તુની કિંમત વધતાં વસ્તુની માંગનું સંકોચન થાય છે. આમ, વસ્તુની કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે.”

ધારણાઓ :

- ગ્રાહકોની અભિરુચી અને પસંદગી સ્થિર રહે છે.
- ગ્રાહકોની આવક સ્થિર છે.
- અવેજી અને પૂરક વસ્તુની કિંમતો સ્થિર રહે છે.
- ભવિષ્યની કિંમતો અંગેનાં અનુમાનો કરવામાં આવતાં નથી.
- વસ્તીનું પ્રમાણ સ્થિર રહે છે.

આકૃતિ વડે સમજુતી



કિંમત OP2 થી વધીને OP3 ત્યારે માંગ OQ2 ઘટીને OQ1

કિંમત OP2 થી ઘટીને OP1 ત્યારે માંગ OQ2 વધીને OQ3

કિંમત કારણ અને માંગ પરિણામ

- આકૃતિ મુજબ OX પર વસ્તુની માંગ અને OY પર કિંમત દર્શાવેલ છે.
- DD એ માંગ રેખા છે જે ડાબી બાજુ ઉપરથી જમણી બાજુ નીચેની તરફ ઢળતી જોવા મળે છે. જેને ઋણ ઢાળ કહે છે.
- મૂળ કિંમત OP2 છે અને મૂળ માંગ OQ2 છે.
- જો કિંમત OP2 માંથી વધીને OP3 થાય તો, ત્યારે માંગ OQ2 માંથી ઘટીને OQ1 થાય છે.
- તેવી જ રીતે કિંમત OP2 માંથી ઘટીને OP1 થાય તો, ત્યારે માંગ OQ2 થી વધીને OQ3 થાય છે.
- આમ, વસ્તુની કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે.
- અહી કિંમતમાં થતો ફેરફાર એ કારણ છે અને માંગમાં થતો ફેરફાર એ તેનું પરિણામ છે.
- એટલે કે, કિંમત કારણ અને માંગ પરિણામ છે.

> વસ્તુની કિંમત અને તેની માંગ વચ્ચે શા માટે વ્યસ્ત સંબંધ ?

- આવક અસર : ગ્રાહકની નાણાકીય આવક સ્થિર રહે અને જો વસ્તુની કિંમતમાં ઘટાડો થાય તો ગ્રાહકની ખરીદશક્તિમાં વધારો થાય છે. જેથી ગ્રાહકની વાસ્તવિક આવક વધે છે. જેથી માંગ વધે છે તેને "આવક અસર' કહે છે.

- અવેજી અસર : કોઈ એક મૂળ વસ્તુની કિંમતમાં ઘટાડો થાય છે ત્યારે તેની એક સમાન એવી અવેજી વસ્તુની સરખામણીમાં આ વસ્તુ સસ્તી બને છે. તેથી ગ્રાહક અવેજી વસ્તુની માંગ ઘટાડીને મૂળ વસ્તુની માંગ વધારે છે તેને "અવેજી અસર' કહે છે.

> માંગના નિયમના અપવાદો (Exceptions to the Law Demand):

- પ્રતિષ્ઠામૂલ્ય ધરાવતી વસ્તુઓ : સોનાચાંદીના ઘરેણાં, મોંઘી કાર, મોંઘો મોબાઈલ વગેરે જેવી ખૂબ મોંઘી અને પ્રતિષ્ઠા ધરાવતી વસ્તુઓની બાબતમાં માંગનો નિયમ સાચો પડતો નથી. આ પ્રકારની વસ્તુઓ વ્યક્તિની પ્રતિષ્ઠા વધારે છે. ધનવાન વર્ગના લોકો વસ્તુની કિંમત જેમ ઊંચી તેમ તેવી વસ્તુમાં પ્રતિષ્ઠામૂલ્ય વધારે છે તેવું માનતા હોવાથી વસ્તુની કિંમત જેટલી ઊંચી હશે તેટલી તેઓ તે વસ્તુની માંગ ઘટાડવાને બદલે વધારે છે અને તેનાથી વિરુદ્ધ વસ્તુની કિંમત ઓછી હોય તો તેમાં પ્રતિષ્ઠામૂલ્ય ઓછું હોવાનું માનીને ધનિકો આવી વસ્તુની માંગ ઘટાડે છે.

- અત્યંત સસ્તી વસ્તુઓ : મીઠું, દીવાસળી, ટાંકણી, સમાચારપત્ર વગેરેની માંગ પાછળ ગ્રાહની આવકનો ખૂબ નાનો ભાગ ખર્ચાય છે. તેથી આવી વસ્તુની કિંમતમાં વધારો-ઘટાડો થવા છતાં ગ્રાહકના વસ્તુ પાછળના કુલ ખર્ચમાં કોઈ વિશેષ ફેરફાર થતો નથી. જેના કારણે આવી વસ્તુઓની માંગ ઉપર ગ્રાહકો મોટી અસરો પાડતા નથી. દા.ત., ટાંકણી કે સ્ટેપલરની

- હલકા પ્રકારની વસ્તુઓ (નિચી ગુણવત્તાવાળી વસ્તુઓ) : આવી વસ્તુઓના સંદર્ભ દર્શાવતો ખ્યાલ સર રોબર્ટ ગીફન નામના વ્યક્તિએ વિકસાવ્યો હોવાથી તેને "ગીફન વસ્તુ" પણ કહે છે. દા.ત., ઘઉની સરખામણીમાં જુવાર, શુદ્ધ ઘીની સરખામણીમાં વનસ્પતિ ઘી વગેરે. ગરીબવર્ગ આવી વસ્તુઓનો વપરાશ વધુ કરે છે. હલકા પ્રકારની વસ્તુ જેમકે જુવારની કિંમત ઘટતાં, ગરીબ વર્ગ ઘઉંની વધુ ખરીદી (માંગ) કરે છે. પરિણામે, જુવારની કિંમત ઘટી હોવા છતાં જુવારની માંગ વધવાને બદલે ઘટે છે.

- ગ્રાહકોની પસંદગી : ગ્રાહક જ્યારે કોઈ ચોક્કસ પ્રકારની વસ્તુઓ માટે પોતાની ધારણાઓ બાંધી લે છે ત્યારે તેવા ગ્રાહકોનાં વલણોને કારણે તે વસ્તુઓની કિંમત વધતી હોવા છતાં માંગ ઘટાડતો નથી અથવા વસ્તુની કિંમત ઘટતી હોવા છતાં વસ્તુની માંગ વધારતો નથી.

3.4 માંગની મૂલ્યસાપેક્ષતાનો અર્થ અને પ્રકારો

માંગનો નિયમ એવું દર્શાવે છે કે વસ્તુની કિંમતમાં ફેરફાર થતાં તેની માંગમાં ફેરફાર થાય છે, પરંતુ કિંમતમાં થતા ફેરફારને લીધે માંગમાં કેટલો ફેરફાર થાય તે અંગે માંગનો નિયમ કશું કહી શકતો નથી. વળી, આવકમાં ફેરફાર થાય તો પણ માંગમાં ફેરફાર થાય છે. તે ઉપરાંત, અવેજી અને પૂરક વસ્તુના ભાવોમાં ફેરફાર થાય તો પણ વસ્તુની માંગમાં ફેરફાર થતો હોય છે. આમ, કિંમત, આવક તેમજ અવેજી તથા પૂરક વસ્તુના ભાવોમાં ફેરફાર થાય તો માંગમાં ફેરફાર થતો હોય છે. આ રીતે માંગમાં થતા ફેરફારની યોગ્ય સમજૂતી મેળવવા માટે માંગની સાપેક્ષતા(Elasticity of Demand)ના ખ્યાલનો અભ્યાસ કરવો જરૂરી છે.

અર્થ અને વ્યાખ્યા : કિંમતમાં થતા ફેરફારને લીધે માંગમાં જે ફેરફાર થાય છે તે ફેરફારનું માપ એટલે માંગની મૂલ્યસાપેક્ષતા. કેટલાક અર્થશાસ્ત્રીઓ માંગની મૂલ્યસાપેક્ષતાની વ્યાખ્યા નીચે પ્રમાણે આપે છે.

આલ્ફ્રેડ માર્શલ : "માંગની મૂલ્યસાપેક્ષતા એટલે કિંમતના સાપેક્ષ ફેરફાર અને માંગના સાપેક્ષ ફેરફારનું ગુણોત્તર-પ્રમાણ" (Ratio of a relative change in quantity to a relative change in price.)

સ્ટોનિયર અને હેગ: "વસ્તુની કિંમતમાં ઘટાડો થતાં તેને માટેની માંગમાં જેટલા પ્રમાણમાં ફેરફાર થાય છે તે દર્શાવવા માટે માંગની મૂલ્યસાપેક્ષતા એવો ટેકનિકલ શબ્દ વપરાય છે."

શ્રીમતી જોન રોબિન્સન : "કિંમતમાં થયેલા થોડા ફેરફારને પરિણામે માંગમાં જેટલા પ્રમાણમાં ફેરફાર થાય છે તેને કિંમતમાં થયેલા ફેરફારના પ્રમાણ વડે ભાગવાથી જે આંક આવે તેને માંગની મૂલ્યસાપેક્ષતા કહે છે."

આર. જી. લિપ્સી: "કિંમતમાં ફેરફાર થવાના પ્રત્યુત્તરરૂપે માંગમાં જે ફેરફાર થાય છે. તેને માંગની મૂલ્યસાપેક્ષતા કહે છે." (Elasticity refers to the responsiveness of prices changes.)

ટૂંકમાં, કિંમતમાં વધઘટ થવાને લીધે માંગમાં જે ઘટાડો કે વધારો નોંધાય છે તેનું માપ એટલે માંગની મૂલ્યસાપેક્ષતા.

$$\text{માંગની મૂલ્યસાપેક્ષતા} = \frac{\text{માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$$

માંગની મૂલ્યસાપેક્ષતાના પ્રકારો

(1) સપ્રમાણ મૂલ્યસાપેક્ષ માંગ અથવા એકમ મૂલ્યસાપેક્ષ માંગ : જયારે વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર અને માંગમાં થતો ટકાવારી ફેરફાર બંને સરખા હોય ત્યારે માંગ સપ્રમાણ મૂલ્યસાપેક્ષ તથા એકમ મૂલ્યસાપેક્ષ કહેવાય છે. દા. ત., વસ્તુની કિંમતમાં 25 ટકા વધારો કે અને તેને લીધે માંગમાં પણ 25 ટકા ઘટાડો થાય તો માંગ તેને એકમ મૂલ્યસાપેક્ષ કહેવાય છે.

(2) મૂલ્યસાપેક્ષ માંગ અથવા એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ માંગ : જ્યારે વસ્તુની કિંમતમાં થતા ટકાવારી ફેરફાર કરતાં માંગમાં થતો ટકાવારી ફેરફાર વધારે હોય ત્યારે માંગ મૂલ્યસાપેક્ષ અથવા એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ કહેવાય છે. દા. ત., વસ્તુની કિંમતમાં 25 ટકા વધારો થાય અને તેને લીધે માંગમાં 50 ટકા જેટલો ઘટાડો થાય.

(3) મૂલ્યઅનપેક્ષ માંગ અથવા એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ માંગ : જ્યારે વસ્તુની કિંમતમાં થતા ટકાવારી ફેરફાર કરતાં માંગમાં થતો ટકાવારી ફેરફાર ઓછો હોય ત્યારે માંગ મૂલ્યઅનપેક્ષ અથવા એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ કહેવાય છે. દા. ત., વસ્તુની કિંમતમાં 50 ટકા વધારો કે ઘટાડો થાય અને તેને લીધે માંગમાં 25 ટકા ઘટાડો કે વધારો થાય.

(4) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ: જો કિંમતમાં નજીવો ટકાવારી ફેરફાર થાય અને તેને લીધે માંગમાં અમાપ ટકાવારી ફેરફાર થાય તો માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ કહેવાય છે. આવી માંગ રેખાનો ઢાળ શુન્ય હોય છે. આ પ્રકારની માંગ રેખા પાયાની રેખાને સમાંતર હોય છે. સામાન્ય રીતે સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ ધરાવતી વસ્તુઓ વ્યવહારમાં જોવા મળતી નથી.

(5) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ : વસ્તુની કિંમતમાં ગમે તેટલો ટકાવારી ફેરફાર થાય, પરંતુ માંગમાં બિલકુલ ફેરફાર ન થાય એટલે કે માંગ સ્થિર રહે તો માંગ સંપૂર્ણ અનપેક્ષ કહેવાય છે. અહીં કિંમતમાં થતા ફેરફારની માંગ પર કોઈ અસર થતી નથી. આ પ્રકારની માંગ રેખા ઊભી ધરીને સમાંતર હોય છે. વાસ્તવિક જગતમાં આવી વસ્તુઓ મળતી નથી.

ટુકમાં જો ટકાવારીનો જવાબ 1 આવે તો માંગની મૂલ્યસાપેક્ષતા એકમ બરાબર કહેવાય. જવાબ 1 કરતાં વધારે આવે તો એકમ કરતાં વધારે મૂલ્યસાપેક્ષતા અને 1 કરતાં ઓછો આવે તો એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષતા કહેવાય. જવાબ અમાપ કે અનંત આવે તો માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ અને શૂન્ય આવે તો માંગ સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ કહેવાય.

અત્રે એ યાદ રાખવું જરૂરી છે કે માંગની મૂલ્યસાપેક્ષતા હંમેશાં ઋણ (negative) હોય છે, કારણ કે કિંમત વધતાં માંગ ઘટે છે અને કિંમત ઘટતાં માંગ વધે છે. આમ એક પરિબળ ધન (positive) હોય છે તો બીજું ઋણ હોય છે. એટલે તેનો ભાગાકાર હંમેશાં ઋણ આવે છે. મૂલ્યસાપેક્ષતા હંમેશાં ઋણ આવતી હોવાથી ઋણની નિશાની સામાન્ય રીતે કાઢી નાખવામાં આવે છે, એટલે કે તે વ્યવહારમાં લખવામાં આવતી નથી.

માંગની મૂલ્યસાપેક્ષતા નક્કી કરતા (અસર કરતા) પરિબળો.

(1) વસ્તુનો પ્રકાર
(2) ગ્રાહકના બજેટમાં વસ્તુનું સ્થાન
(3) સમયનું તત્વ

(1) વસ્તુનો પ્રકારઃ

- **પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ :** પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓની કિંમતમાં ફેરફાર થાય તો પણ તેની અસર તેની માંગ પર ખાસ થતી નથી. દા.ત., અનાજ, મીઠું વગેરે. આ વસ્તુઓની કિંમત વધે તો માંગ બહુ ઘટતી નથી. તેમજ કિંમત ઘટે તો માંગમાં મોટો વધારો થતો નથી. આમ, પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ માટેની માંગ મૂલ્યઅનપેક્ષ હોય છે.
- **મોજશોખની વસ્તુઓ :** મોજશોખની વસ્તુઓ માટેની માંગ અનિવાર્ય હોતી નથી. આથી તેના ભાવ વધે તો માંગ ઘટે છે, પરંતુ આવી વસ્તુઓ લેવા માટે લોકો ઉત્સુક તો હોય છે. આથી તેમની કિંમત ઘટતાં માંગમાં સારો એવો વધારો થાય છે. દા. ત., કાર, LCD ટી.વી. વગેરે. આમ મોજશોખની વસ્તુઓ માટેની માંગ મૂલ્યસાપેક્ષ હોય છે. અહીં એ ધ્યાનમાં રાખવા યોગ્ય બાબત છે કે વસ્તુ મોજશોખની છે કે પ્રાથમિક જરૂરિયાતની આધાર વસ્તુ ખરીદનાર વ્યક્તિ પર રહેલો છે.
- **અવેજી વસ્તુઓ :** કેટલીક વસ્તુઓ એવી હોય છે કે તેમની અવેજીમાં અન્ય વસ્તી વાપરી શકાય છે. દા.ત., ખાંડ, ખાંડસરી, ગોળ. આ વસ્તુઓ એકબીજાની અવેજીમાં વાપરી શકાય છે. અવેજી વસ્તુઓ ધરાવતી વસ્તુની માંગ મૂલ્યસાપેક્ષ હોય છે. જો કોઈ વસ્તુની અવેજી વસ્તુ સરળતાથી મળી શકે તેમ ન હોય તો તેની માંગ મૂલ્યઅનપેક્ષ હોય છે. દા. ત., મીઠું.
- **અનેક ઉપયોગમાં લઈ શકાય તેવી વસ્તુઓ :** જે વસ્તુઓ અનેક ઉપયોગમાં લઈ શકાય તેવી હોય તેવી વસ્તુની માંગ મૂલ્યસાપેક્ષ હોય છે. જો દા. ત., વીજળી અનેક ઉપયોગમાં લઈ શકાય છે. આથી તેની માંગ મૂલ્યસાપેક્ષ છે.
- **ખરીદી મુલતવી રાખી શકાય તેવી વસ્તુઓ :** જે વસ્તુઓની ખરીદી અમુક સમયે મુલતવી રાખી શકાય તેમ હોય તેમની માંગ મૂલ્યસાપેક્ષ હોય છે. આવી વસ્તુઓનો ભાવ વધે તો થોડા સમય માટે તેની ખરીદી મુલતવી રાખી શકાય છે, તેથી તેની માંગ ઘટે છે. દા.ત., શુઝ, સાઇકલ, બોલપેન વગેરેના ભાવ વધે તો થોડા સમય માટે તેમને રિપેર કરાવી માંગ મુલતવી રાખી શકાય છે.

– **ખૂબ મોંઘી વસ્તુઓ :** હીરા, માણેક, સોનું જેવી ખૂબ મોંઘી વસ્તુઓ ધનિકો ખરીદે છે. આવી વસ્તુઓ પ્રતિષ્ઠા માટે ખરીદવામાં આવતી હોય છે. આથી તેમના ભાવ વધે તો પણ માંગમાં ઘટાડો થતો હોતો નથી. આમ, ખૂબ મોંઘી વસ્તુઓની માંગ મૂલ્યઅનપેક્ષ હોય છે.

– **ખૂબ સસ્તી વસ્તુઓ :** ખૂબ સસ્તી વસ્તુઓ જેવી કે ટાંકણી, સોય, દીવાસળી, પોસ્ટકાર્ડ વગેરેની માંગ મૂલ્યઅનપેક્ષ હોય છે. આ વસ્તુઓ એટલી બધી સસ્તી છે કે તેમની કિંમતમાં વધારો થવા છતાં પણ વ્યક્તિના ખર્ચમાં નજીવો વધારો થાય છે. પરિણામે તેમના ભાવ વધવા છતાં માંગ ઘટતી નથી.

– **ડોકટરી સારવાર :** ધનિક દેશોમાં તેની માંગ મૂલ્યઅનપેક્ષ હોય છે. પરંતુ ગરીબ દેશોમાં જ્યારે દાક્તરી સેવા ઓછી કિંમતે મળે છે ત્યારે તેની માંગ વધતી જણાય છે. અનેક ગરીબ દર્દીઓ સસ્તી કિંમતે વધારે સારવારનો લે છે. આમ, ગરીબ દેશોમાં દાક્તરી સારવારની માંગ મૂલ્યસાપેક્ષ હોય છે.

(2) ગ્રાહકના બજેટમાં વસ્તુનું સ્થાન : બજેટમાં વસ્તુનું સ્થાન એટલે ગ્રાહક દ્વારા થતી કુલ ખર્ચમાં વસ્તુ પાછળ થતું ખર્ચ. જો કુલ ખર્ચમાં વસ્તુ પાછળ થતું ખર્ચ બહુ નજીવું હોય તો તેની માંગ મૂલ્યઅનપેક્ષ હોય છે. દા.ત., મીઠું, દીવાસળી, ટાંકણી, સોય, પોસ્ટકાર્ડ વગેરે. અને જો કુલ ખર્ચમાં વસ્તુ પાછળ થતું ખર્ચ વધુ હોય તો તેની માંગ સાપેક્ષ હોય છે.

(3) સમયનું તત્વ : વસ્તુના ભાવમાં ફેરફાર થાય ત્યારે તેની માંગમાં તુરત જ ફેરફાર થઈ શકતો નથી. માંગમાં ફેરફાર થતાં અમુક સમય લાગે છે. આમ, મૂલ્યસાપેક્ષતા પર સમયનું તત્વ પર અસર કરે છે.

– **ટકાઉ વસ્તુ :** ટકાઉ વસ્તુના ભાવ ઘટે તો પણ તે વસ્તુ સંપૂર્ણ રીતે ઘસાઈને નકામી ન બની જાય ત્યાં સુધી નવી ખરીદવામાં આવતી નથી. આથી ટૂંકા ગાળામાં તેની માંગ મૂલ્યઅનપેક્ષ હોય છે, પરંતુ લાંબા ગાળે તેની માંગ મૂલ્યસાપેક્ષ બને છે.

– **ટેવનો સમય :** વ્યક્તિ અમુક વસ્તુના વપરાશથી ટેવાઈ જાય છે. આથી તેવી વસ્તુના ભાવ વધે તો પણ એકાએક ટેવ બદલી શકાતી નથી. પરિણામે ઊંચા ભાવે પણ માંગ પૂર્વવત્ રહે છે. તેથી જે વ્યક્તિને ટેવ પડી જાય છે તેની માંગ ટૂંકા ગાળામાં મૂલ્યઅનપેક્ષ હોય છે, જ્યારે લાંબા ગાળે તેની માંગ મૂલ્યસાપેક્ષ બને ખરી.

– **ગ્રાહકોની અજ્ઞાનતા :** વસ્તુની કિંમતમાં ફેરફાર થાય ત્યારે તેની માહિતી તરત જ ગ્રાહકો સુધી પહોંચી શકતી નથી. આથી કિંમતમાં થતા ફેરફારની અસર તરત માંગ પર થતી નથી. વાસ્તવિક જગતમાં હરીફાઈ અપૂર્ણ હોવાથી આ પ્રમાણે બને છે. કિંમતમાં જે ફેરફાર થાય છે તેની ગ્રાહકોને ધીમે ધીમે ખબર પડે છે. આમ, વસ્તુના ભાવ વિષેની ગ્રાહકોની અજ્ઞાનતાને લીધે ટૂંકા ગાળામાં માંગ મૂલ્યઅનપેક્ષ અને લાંબા ગાળે માંગ મૂલ્યસાપેક્ષ હોય છે.

માંગની મૂલ્યસાપેક્ષતાનુંમહત્વ :

– **નાણાપ્રધાન માટે :** જે વસ્તુની માંગ મૂલ્યઅનપેક્ષ હોય તેના પર ઊંચા દરે કર નાખવાથી અને જેની માંગ મૂલ્યસાપેક્ષ હોય તેના પર નીચા દરે કર નાખવાથી અથવા તો તેની વસ્તુને કરમાંથી બાકાત રાખવાથી કરવેરા દ્વારા સારા પ્રમાણમાં આવક મેળવી શકાય છે.

– **ઈજારદાર માટે :** જો વસ્તુની માંગ ઓછી મૂલ્યસાપેક્ષ હોય તો તેની કિંમત ઊંચી રાખવામાં આવે છે અને માંગ વધુ મૂલ્યસાપેક્ષ હોય તો તેની કિંમત નીચી રાખવામાં આવે છે.

– **સંયુક્ત પેદાશ ઉત્પન કરનાર માટે :** સંયુક્ત પેદાશ ઉત્પન્ન કરનાર ઉત્પાદક બને વસ્તુમાંથી કોના ભાવ ઊંચા રાખવા અને કોના ભાવ નીચા રાખવા તે તેમની મૂલ્યસાપેક્ષતાને આધારે નક્કી કરી શકે છે. દા. ત., રૂ અને કપાસિયા સંયુક્ત પેદાશ છે. જો રૂની માંગ મૂલ્યઅનપેક્ષ હોય તો તેની કિંમત વધુ અને કપાસિયાની માંગ મૂલ્યસાપેક્ષ હોય તો તેની કિંમત ઓછી રાખવામાં આવશે.

– **આંતરરાષ્ટ્રીય વ્યાપાર માટે :** આયાતી અને નિકાસી વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતાને આધારે તેના ભાવ અંગેની નીતિ ઘડવામાં આવે છે. દા. ત., નિકાસી વસ્તુની માંગ મૂલ્યસાપેક્ષ હોય તો નિકાસી વસ્તુની કિંમત ઘટાડી વધારે પ્રમાણમાં નિકાસ કરી શકાય છે.

3.5 પુરવઠાનો નિયમ

પુરવઠાનો નિયમ : " અન્ય પરિબળો યથાવત રહે તો વસ્તુની કિંમતમાં વધારો થતાં તેના પુરવઠાનું વિસ્તરણ થાય છે અને વસ્તુની કિંમત ઘટતાં પુરવઠાનું સંકોચન થાય છે. આમ વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે ધન (સીધો) સંબંધ છે."

પુરવઠાના નિયમની ધારણાઓ :

- ઉત્પાદનનાં સાધનોની કિંમતમાં વધ-ઘટ થતી નથી.
- ઉત્પાદન-પદ્ધતિ/ટેક્નોલોજી યથાવત રહે છે.
- અન્ય વસ્તુના ભાવો પણ સ્થિર રહે છે એટલે કે તેમાં પણ કોઈ ફેરફાર થતો નથી.
- બજારમાં ભવિષ્યની કિંમત અંગેની અટકળો સ્થિર હોય છે.
- સરકારની નીતિમાં ફેરફાર થતો નથી.
- વાહનવ્યવહારની સગવડ, કુદરતી પરિબળો સ્થિર રહે છે.
- બજારમાં પેઢીઓની સંખ્યા યથાવત રહે છે.

આકૃતિ વડે સમજૂતી :



કિંમત OP2 થી વધીને OP3 ત્યારે પુરવઠો OQ2 વધીને OQ3

કિંમત OP2 થી ઘટીને OP1 ત્યારે પુરવઠો OQ2 ઘટીને OQ1

કિંમત કારણ અને પુરવઠો પરિણામ

- આકૃતિ મુજબ OX પર વસ્તુની કિંમત અને OY પર પુરવઠો દર્શાવેલ છે.
- SS એ માંગ રેખા છે જે ડાબી બાજુ નીચેથી જમણી બાજુ ઉપરની તરફ જોવા મળે છે. જેને ધન ઢાળ કહે છે.
- મૂળ કિંમત OP2 છે અને મૂળ પુરવઠો OQ2 છે.
- જો કિંમત OP2 માંથી વધીને OP3 થાય તો, પુરવઠો OQ2 માંથી વધીને OQ3 થાય છે.
- જો કિંમત OP2 માંથી ઘટીને OP1 થાય, તો પુરવઠો OQ2 થી ઘટીને OQ1 થાય છે.
- આમ, વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે સમ સંબંધ જોવા મળે છે.
- અહી કિંમતમાં થતો ફેરફાર એ કારણ છે અને પુરવઠામાં થતો ફેરફાર એ તેનું પરિણામ છે.
- એટલે કે, કિંમત કારણ અને પુરવઠો પરિણામ છે.

કિંમત અને પુરવઠા વચ્ચે ધન સંબંધ હોવાનાં કારણો :

- નફો : ઉત્પાદનો આશય મહત્તમ નફો મેળવવાનો હોય છે. જ્યારે કિંમત વધે છે ત્યારે તે વસ્તુનો પુરવઠો વધારવા પ્રેરાય છે, કારણ કે પુરવઠો વધારીને વધુ નફો કમાઈ લેવા પ્રયત્નશીલ હોય છે.

- નવા ઉત્પાદકોનો પ્રવેશ : વસ્તુની કિંમત વધવાને કારણે નફાની શક્યતા વધે છે. પરિણામે બજારમાં નવા ઉત્પાદકો પ્રવેશે છે તેથી કુલ પુરવઠો વધે છે.

પુરવઠાના નિયમના અપવાદો :

- અલભ્ય વસ્તુઓ : કેટલીક વસ્તુઓની કિંમતમાં ગમે તેટલો ફેરફાર થાય છતાં તેના પુરવઠામાં કોઈ ફેરફાર થતો નથી કારણ કે એવી વસ્તુઓ અપ્રાપ્ય કે દુર્લભ હોય છે. દા.ત., પ્રાચીન કાળના સિક્કાઓ, કલાકૃતિઓ, પ્રાચીન પુસ્તકની મૂળ હસ્તપ્રત, પ્રાચીન મૂર્તિઓ વગેરેની કિંમત વધવા છતાં, આવી વસ્તુના પુરવઠામાં વધારો કરવો શક્ય નથી. વાસ્તવિક રીતે જોઈએ તો અલભ્ય વસ્તુનું નવું ઉત્પાદન શક્ય નથી. આથી પુરવઠો વધારી શકાતો નથી જેથી તે પુરવઠાના નિયમનો અપવાદ બનતો નથી.

- નાશવંત વસ્તુઓ : દા.ત, દૂધ અને દૂધની બનાવટો, લીલા શાકભાજી, પાકાં ફળ, ફૂલ વગેરે નાશવંત વસ્તુઓ છે. આવી વસ્તુઓના ભાવ ઘટી જાય તો પણ એ વસ્તુઓનો પુરવઠો ઘટતો નથી, કારણ કે આવી વસ્તુઓનો સંગ્રહ અશક્ય છે. વસ્તુઓના ભાવ વધે કે ઘટે તોપણ પુરવઠામાં વધુ ફેરફાર થતો નથી.

યુનિટ-૪ માંગ અને પુરવઠા વચ્ચેના આંતર સંબંધો

4.1 માંગ અને પુરવઠા વચ્ચે આંતર સંબંધો

કોઈ પણ વસ્તુની માંગ એટલે વસ્તુ ખરીદવાની વ્યક્તિની ઈચ્છા, ખરીદ શક્તિ (નાણાં) અને તૈયારી. આમ, આ ત્રણ ઘટકો ભેગા થાય ત્યારે અર્થતંત્રમાં માંગ ઉદભવી કહેવાય. નોંધનીય છે કે, અર્થશાસ્ત્રમાં કિંમત, સમય, સ્થળ અને વસ્તુની ઉપલબ્ધીના સંદર્ભમાં માંગનો ખ્યાલ રજુ કરવામાં આવે છે. બીજી બાજુ પુરવઠો એટલે પ્રવર્તમાન કિંમતે ઉત્પાદક/વેપારી દ્વારા વસ્તુનો જથ્થો (ઉત્પાદનનો અમુક ભાગ) વેચવાની ઈચ્છા અને તૈયારી. અહી, વેચાણ અને પુરવઠામાં તફાવત છે. વેચાણ એ વાસ્તવમાં વેચાયેલ વસ્તુ છે જયારે પુરવઠો વેચાણની સંભાવના છે.

એકમલક્ષી અર્થશાસ્ત્રમાં માંગ અને પુરવઠાના ખ્યાલો ખુબ જ અગત્યના છે. કારણ કે આ બન્ને પરિબળો વસ્તુના કિંમત નિર્ધારણ સાથે જોડાયેલ છે.

માંગને અસર કરતા પરિબળો-

- કિંમત
- ગ્રાહકની આવક /લોકોની આવક
- ગ્રાહકોની સંખ્યા/ વસ્તીનું પ્રમાણ
- અવેજી/પુરક વસ્તુની કિંમત
- ભવિષ્યના ભાવો અંગેની અટકળો
- ગ્રાહકોની રુચી/ટેવ

પુરવઠાને અસર કરતા પરિબળો-

- કિંમત
- ઉત્પાદન ખર્ચ
- પેઢીઓની સંખ્યા
- હરીફ વસ્તુની કિંમત
- ભવિષ્યના ભાવો અંગેની અટકળો
- સરકારની નીતિ
- વેપાર-વાણિજ્યની સેવાઓ

કિંમત નિર્ધારણની પ્રક્રિયા-

અર્થતંત્રમાં જ્યાં વસ્તુની માંગ અને વસ્તુનો પુરવઠો બન્ને સરખા થાય છે ત્યાં વસ્તુની કિંમત (સમતોલ કિંમત) નક્કી થાય છે. અથવા તેને કિંમત નિર્ધારણ કહે છે.



- OX પર વસ્તુનો પુરવઠો અને માંગ દર્શાવ્યા છે.
- OY પર વસ્તુની કિંમત દર્શાવેલી છે.
- DD વસ્તુની માંગ રેખા અને SS વસ્તુની પુરવઠા રેખા છે.
- માંગ રેખા અને પુરવઠા રેખા બન્ને E બિંદુએ ભેગી થાય છે એટલે કે સમાન થાય છે.
- આમ, જ્યાં માંગ અને પુરવઠો બન્ને સમાન થાય છે ત્યાં કિંમત નક્કી થાય છે. તેથી અહી કિંમત OP નક્કી થશે અને પુરવઠો=માંગ OQ નક્કી થશે.

4.2 માંગ અને પુરવઠામાં માં પરિવર્તન અને સમતુલા/કિંમત નિર્ધારણ

(A) માંગમાં પરિવર્તન અને સમતુલા/કિંમત નિર્ધારણ



માંગમાં ઘટાડો D1 to D0 (પુરવઠો S સ્થિર)
સમતુલા E1 to E0
કિંમત OP1 થી ઘટીને OP0

માંગમાં વધારો D1 to D2 (પુરવઠો S સ્થિર)
સમતુલા E1 to E2
કિંમત OP1 થી વધીને OP2

- OX પર માંગ અને પુરવઠો દર્શાવેલા છે. OY પર વસ્તુની કિંમત દર્શાવેલી છે.
- SS એ પુરવઠા રેખા છે. D_1D_1 એ મૂળ માંગ રેખા છે.
- અહી માંગમાં પરિવર્તન થાય છે તે બાબત સમજાવવા માટે પુરવઠો સ્થિર છે તેમ ધારી લીધેલ છે.

> માંગમાં ઘટાડો : હવે જો માંગમાં ઘટાડો થાય તો નવી માંગ રેખા D_0D_0 ડાબી બાજુ નીચેની તરફ મળે છે. અને કિંમત OP_1 માંથી ઘટીને OP_0 થાય છે. આમ, માંગ ઘટે છે ત્યારે કિંમત પણ ઘટે છે.
આમ, પુરવઠો સ્થિર રહે અને જો માંગમાં ઘટાડો થાય તો વસ્તુની કિંમતમાં પણ ઘટાડો થાય છે.

> માંગમાં વધારો : જો માંગમાં વધારો થાય તો નવી માંગ રેખા D_2D_2 જમણી બાજુ ઉપરની તરફ મળે છે. અને કિંમત OP_1 માંથી વધીને OP_2 થાય છે. આમ, માંગ વધે છે ત્યારે કિંમત પણ વધે છે.
આમ, પુરવઠો સ્થિર રહે અને જો માંગમાં વધારો થાય તો વસ્તુની કિંમતમાં પણ વધારો થાય છે.

(B) પુરવઠામાં પરિવર્તન અને સમતુલા/કિંમત નિર્ધારણ



પુરવઠામાં ઘટાડો S1 to S0 (માંગ D સ્થિર)
સમતુલા E1 to E0
કિંમત OP1 થી વધીને OP2

પુરવઠામાં વધારો S1 to S2 (માંગ D સ્થિર)
સમતુલા E1 to E2
કિંમત OP1 થી ઘટીને OP0

- OX પર માંગ અને પુરવઠો દર્શાવેલા છે. OY પર વસ્તુની કિંમત દર્શાવેલી છે.
- DD એ માંગ રેખા છે. S_1S_1 એ મૂળ પુરવઠા રેખા છે.
- અહી પુરવઠામાં પરિવર્તન થાય છે તે બાબત સમજાવવા માટે પુરવઠો સ્થિર છે તેમ ધારી લીધેલ છે.

> પુરવઠામાં ઘટાડો : જો પુરવઠામાં ઘટાડો થાય તો નવી પુરવઠા રેખા S_0S_0 ડાબી બાજુ ઉપરની તરફ મળે છે. અને કિંમત OP_1 માંથી વધીને OP_2 થાય છે. આમ, પુરવઠો ઘટે છે ત્યારે કિંમત વધે છે.
આમ, માંગ સ્થિર રહે અને જો પુરવઠામાં ઘટાડો થાય તો વસ્તુની કિંમતમાં વધારો થાય છે.

> પુરવઠામાં વધારો : જો પુરવઠામાં વધારો થાય તો નવી પુરવઠા રેખા S_2S_2 જમણી બાજુ નીચેની તરફ મળે છે. અને કિંમત OP_1 માંથી ઘટીને OP_0 થાય છે. આમ, પુરવઠો વધે છે ત્યારે કિંમત ઘટે છે.
આમ, માંગ સ્થિર રહે અને જો પુરવઠામાં વધારો થાય તો વસ્તુની કિંમતમાં ઘટાડો થાય છે.

(C) માંગ અને પુરવઠા બન્નેમાં પરિવર્તન અને સમતુલા

> માંગમાં વધારો અને પુરવઠામાં ઘટાડો



માંગમાં વધારો અને પુરવઠામાં ઘટાડો
માંગ D to D1 અને પુરવઠો S to S1
સમતુલા E to E1
કિંમત OP થી વધીને OP1

> માંગમાં ઘટાડો અને પુરવઠામાં વધારો



માંગમાં ઘટાડો અને પુરવઠામાં વધારો

માંગ D1 to D અને પુરવઠો S1 to S

સમતુલા E1 to E

કિંમત OP1 થી ઘટીને OP

(D) માંગ અને પુરવઠા બન્નેમાં સમાન ફેરફાર/પરિવર્તન

> માંગ અને પુરવઠા બન્નેમાં સમાન વધારો



માંગમાં વધારો =પુરવઠામાં વધારો

D1 toD2 = S1 to S2

સમતુલા E1 to E2

કિંમત OP1 સ્થિર રહે છે.

- OX પર માંગ અને પુરવઠો દર્શાવેલા છે. OY પર વસ્તુની કિંમત દર્શાવેલી છે.
- D_1D_1 એ મૂળ માંગ રેખા છે. S_1S_1 એ મૂળ પુરવઠા રેખા છે.
- E_1 મૂળ સમતુલાનું બિંદુ છે OP_1 મૂળ સમતુલાની કિંમત છે.
- હવે, માંગ અને પુરવઠા બન્નેમાં એક સમાન વધારો થાય છે. તેથી, નવી માંગ રેખા D_2D_2 જમણી બાજુ - ઉપરની તરફ મળે છે. તેવી જ રીતે નવી પુરવઠા રેખા S_2S_2 જમણી બાજુ નીચેની તરફ મળે છે.
- હવે, E2 નવું સમતુલાનું બિંદુ મળે છે. જ્યાં નવી માંગ અને નવો પુરવઠો બન્ને સમાન થાય છે. તેથી કિંમત OP_1 કિંમત નક્કી થાય છે.
- આમ, માંગ અને પુરવઠા બન્નેમાં સમાન વધારો થાય તો કિંમત OP_1 યથાવત રહે છે.

> માંગ અને પુરવઠા બન્નેમાં સમાન ઘટાડો

માંગ અને પુરવઠા બન્નેમાં સમાન ઘટાડો



માંગમાં ઘટાડો =પુરવઠામાં ઘટાડો
D2 to D1 = S2 to S1
સમતુલા E2 to E1
કિંમત OP1 સ્થિર રહે છે.

- OX પર માંગ અને પુરવઠો દર્શાવેલા છે. OY પર વસ્તુની કિંમત દર્શાવેલી છે.
- D_2D_2 એ મૂળ માંગ રેખા છે. S_2S_2 એ મૂળ પુરવઠા રેખા છે.
- E_2 મૂળ સમતુલાનું બિંદુ છે OP_1 મૂળ સમતુલાની કિંમત છે.
- હવે, માંગ અને પુરવઠા બન્નેમાં એક સમાન ઘટાડો થાય છે. તેથી, નવી માંગ રેખા D_1D_1 ડાબી બાજુ નીચેની તરફ મળે છે. તેવી જ રીતે નવી પુરવઠા રેખા S_1S_1 ડાબી બાજુ ઉપરની તરફ મળે છે.
- હવે, E_1 નવું સમતુલાનું બિંદુ મળે છે. જ્યાં નવી માંગ અને નવો પુરવઠો બન્ને સમાન થાય છે. તેથી કિંમત OP_1 કિંમત નક્કી થાય છે.
- આમ, માંગ અને પુરવઠા બન્નેમાં સમાન ઘટાડો થાય તો કિંમત OP_1 યથાવત રહે છે.

(E) માંગ અને પુરવઠામાં બન્નેમાં અસમાન ફેરફાર/પરિવર્તન

> પુરવઠા કરતા માંગમાં વિશેષ પરિવર્તન :

જો માંગ અને પુરવઠા બન્નેમાં વધારો થાય પરંતુ પુરવઠા કરતા માંગમાં વિશેષ વધારો થાય તો, કિંમત વધે છે. તેનાથી વિરુદ્ધ જો માંગ અને પુરવઠા બન્નેમાં ઘટાડો થાય પરંતુ પુરવઠા કરતા માંગમાં વિશેષ ઘટાડો થાય તો, કિંમત ઘટે છે.

પુરવઠા કરતા માંગમાં વિશેષ વધારો



માંગમાં વધારો > પુરવઠામાં વધારો
D to D' = S to S'
સમતુલા E to E'
કિંમત OP માંથી વધીને OP'

પુરવઠા કરતા માંગમાં વિશેષ ઘટાડો



માંગમાં ઘટાડો > પુરવઠામાં ઘટાડો
D to D' = S' to S
સમતુલા E' to E
કિંમત OP' માંથી ઘટીને OP

> માંગ કરતા પુરવઠામાં વિશેષ પરિવર્તન :

જો માંગ અને પુરવઠા બન્નેમાં વધારો થાય પરંતુ માંગ કરતા પુરવઠામાં વિશેષ વધારો થાય તો, કિંમત ઘટે છે. તેનાથી વિરુદ્ધ જો માંગ અને પુરવઠા બન્નેમાં ઘટાડો થાય પરંતુ માંગ કરતા પુરવઠામાં વિશેષ ઘટાડો થાય તો, કિંમત વધે છે.

માંગ કરતા પુરવઠામાં વિશેષ વધારો



માંગમાં વધારો < પુરવઠામાં વધારો
D to D' = S to S'
સમતુલા E to E'
કિંમત OP માંથી ઘટીને OP'

માંગ કરતા પુરવઠામાં વિશેષ ઘટાડો



માંગમાં ઘટાડો < પુરવઠામાં ઘટાડો

D’ to D = S to S’

સમતુલા E’ to E

કિંમત OP’ માંથી વધીને OP

સંદર્ભો :

– Microeconomics (Krister Ahlersten)

– Micro Economics-Study Material (Calicut University, School of Distance Education, Kerala)

– Economic Theory (Tamilnadu Textbook and Educational Services Corporation, Chennai)

– www.economicsdiscussion.net

– https://epgp.inflibnet.ac.in/